પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૪-૧૨-૨૦૨૫-ગુરુવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૩૦૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઈન્ડિગોમાં પાયલોટની અછત : દેશભરમાં ૧૭૦ ઉડાનો રદ

## ઈન્ડિગો હવાઈ સેવા ત્રીજા દિવસે પણ ખોરંભે : હજારો મુસાફરો એરપોર્ટ પર રાત વિતાવવા મજબૂર બન્યા

નવી દિલ્હી, તા. ૦૪

ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો, સતત ત્રીજા દિવસે ક્રૂની અછતનો સામનો કરી રહી છે. આનાથી દેશભરમાં એરલાઈનના સંચાલન પર ગંભીર અસર પડી છે. દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગલુરુ સહિત અનેક મુખ્ય એરપોર્ટ પર ફ્લાઈટ્સ રદ કરવામાં આવી રહી છે.

ગુરુવારે સવારે દિલ્હીથી ઉપડનારી ૩૦થી વધુ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. સવારથી દિલ્હી એરપોર્ટ પર મુસાફરોની લાંબી કતારો લાગી ગઈ છે. ઘણા મુસાફરોએ આખી રાત તેમની ફ્લાઈટ્સની રાહ જોતા વિતાવી. આજે હૈદરાબાદમાં આશરે ૩૩ ફ્લાઈટ્સ રદ થવાની ધારણા છે.

દેશભરમાં ૧૭૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ શકે છે. અગાઉ, મંગળવાર અને બુધવારે લગભગ ૨૦૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. બેંગલુરુમાં ૪૨, દિલ્હીમાં ૩૮, મુંબઈથી ૩૩, હૈદરાબાદમાં ૧૯, અમદાવાદમાં ૨૫, ઈન્દોરમાં ૧૧, કોલકાતામાં ૧૦ અને સુરતમાં ૮ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. સેંકડો ફ્લાઈટ્સ કલાકો સુધી મોડી પડી રહી છે.આના કારણે હજારો મુસાફરોને અસુવિધા થઈ રહી છે, જેના કારણે ઘણા લોકો ફસાયેલા છે. દરરોજ લગભગ ૨,૩૦૦ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરતી ઈન્ડિગો એરલાઈન્સે બુધવારે મુસાફરોની માફી માગી હતી અને કહ્યું હતું કે શુક્રવાર સુધી વધુ ફ્લાઈટ્સ રદ થવાની સંભાવના છે.

એરલાઈને બુધવારે પોતાના એક નિવેદનમાં કહ્યું કે નાની-મોટી ટેકનિકલ ખામી, શિયાળાના કારણે શિડ્યૂલમાં ફેરફાર, ખરાબ હવામાન, એવિએશન સિસ્ટમમાં ધીમું નેટવર્ક અને ક્રૂ મેમ્બર્સની શિફ્ટ ચાર્ટ સાથે જોડાયેલા નવા નિયમો (ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન)ના પાલનના કારણે અમારા ઓપરેશન પર ખરાબ અસર પડી છે. તેનો પહેલાંથી અંદાજ લગાવવો શક્ય નહોતો. કંપનીએ કહ્યું કે આગામી ૪૮ કલાકમાં સંચાલન સ્થિર થઈ જશે.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ ઈન્ડિગો પાસેથી હાલની સમસ્યાઓના કારણો અને તેનો સામનો કરવા માટેની યોજનાની વિગતો માંગી છે. DGCAએ કહ્યું છે કે તે મામલાની તપાસ કરી રહ્યું છે.

ફ્લાઈટ્સ રદ થવા અને વિલંબ ઘટાડવાના ઉપાયો પર મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

# હવા પ્રદૂષણને મુદ્દે સંસદ સંકુલમાં બેનર સાથે વિપક્ષોનું વિરોધ પ્રદર્શન




## સંસદમાં હવા પ્રદૂષણને મુદ્દે ચર્ચા યોજવા ઉઠેલી માંગણી

નવી દિલ્હી, તા. ૦૪

ગુરુવારે સંસદના શિયાળુ સત્રનો ચોથો દિવસ છે. ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં, વિપક્ષના સાંસદોએ દિલ્હીમાં વધતા પ્રદૂષણના મુદ્દા પર સંસદના મકર ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું. વિપક્ષના ઘણા સાંસદો ગેસ માસ્ક પહેરીને સંસદ પહોંચ્યા અને વાયુ પ્રદૂષણના મુદ્દા પર ગૃહમાં ચર્ચાની માંગ કરી.

કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, "આપણે કઈ મોસમનો આનંદ માણવો જોઈએ? બહારની પરિસ્થિતિ તો જુઓ. જેમ સોનિયા ગાંધીએ કહ્યું હતું, બાળકો શ્વાસ લઈ શકતા નથી." તેમને અસ્થમા છે, અને તેમના જેવા સીનિયર સિટીજનોને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. સ્થિતિ વર્ષેને વર્ષે વધુ ખરાબ થતી જાય છે.

સંસદના શિયાળુ સત્રમાં આજે કર સુધારણા, એક્સાઈઝ સુધારા, પરમાણુ ઊર્જા, આર્થિક સુધારા જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. બુધવારે ત્રીજા દિવસે સંસદના બંને ગૃહો કોઈ હોબાળા વગર ચાલ્યા.

લોકસભાએ તમાકુ પ્રોડક્ટ અને તેના મેન્યુફેક્ચરિંગ પર એક્સાઈઝ ડ્યુટી વધારવા સંબંધિત સેન્ટ્રલ એક્સાઈઝ (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ને ચર્ચા બાદ પસાર કર્યું.જોકે, સત્ર શરૂ થતા પહેલા કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત અન્ય વિપક્ષી સાંસદોએ સંસદ ભવન બહાર મકર દ્વાર સામે નવા શ્રમ કાયદાઓ સામે પ્રદર્શન કર્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

# આજથી બે દિવસ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન ભારતની મુલાકાતે

## રશિયાની કેબિનેટના મોટા ભાગના મંત્રીઓ દિલ્હી પહોંચ્યા : આવતી કાલે મોદી-પુટીનની શિખર બેઠક

નવી દિલ્હી, તા. ૦૪

નવી દિલ્હીઃ ભારત અને રશિયાના સંબંધોને એક નવી રાજદ્વારી-વ્યાપારીક-સંરક્ષણ ઉંચાઈ પર લઈ જવાની શકયતા વચ્ચે આજે સાંજે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનના દિલ્હી આગમન સાથે જ વિશ્વભરની નજર ભારત પર હશે.

અમેરિકાના ટેરીફ-વોર અને રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધના કારણે અનેક પ્રકારના પ્રતિબંધો વચ્ચે રશિયા હવે ક્રુડતેલ અને રાજદ્વારી મોરચે પણ ભારત પર વધુ આધારિત બન્યુ છે તે સમયે રાષ્ટ્રપતિ પુટીન સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની શિખર મંત્રણા મહત્વની સાબીત થશે.

શ્રી પુટીન તેના વ્યાપાર સુધીના સૌથી મોટા કેબીનેટ-વ્યાપારી પ્રતિનિધિમંડળ સાથે ભારત આવી રહ્યા છે. આજે દિલ્હી પહોંચ્યા બાદ વડાપ્રધાન નિવાસે તેઓને શ્રી મોદી ખાસ પ્રાઈવેટ-ડિનર આપશે અને બન્ને નેતાઓ વ્યક્તિગત વાતચીત પણ કરશે તો કાલે સવારે શ્રી પુટીન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધી પર પુષ્પાંજલી કરશે અને બાદમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે શ્રી પુટીનનું પરંપરાગત ભવ્ય સ્વાગત થશે.

ભારત-પાક વચ્ચેની ૨૩મી શિખર બેઠકમાં વ્યાપક વ્યાપારીક સંરક્ષણ સહિતના કરાર થશે. શ્રી પુટીન સાથે રશિયાના આર્થિક વિકાસ મંત્રી ઉપરાંત વિદેશ-સંરક્ષણ વિભાગ સહિત અડધો ડઝનથી વધુ મંત્રીઓ આવી રહ્યા છે જે હાલમાં કોઈ વિદેશ યાત્રાએ જનાર સૌથી મોટું કેબીનેટ પ્રતિનિધિમંડળ છે તો રશિયાની ટોચની ૭૫ કંપનીઓના એકઝીકયુટીવ ભારત પહોંચી ગયા છે.

ભારત અને રશિયા વચ્ચેના વ્યાપારધારામાં રશિયા વધુ આયાત ભારતમાં કરે તેવી શકયતા છે. શ્રી પુટીનની સાથે રશિયાના સંરક્ષણમંત્રી શ્રી મોદે બેલૌસોપ પણ ભારત આવ્યા છે અને તેઓ આજે સાંજે સંરક્ષણમંત્રી રાજનાથસિંઘ સાથે સંરક્ષણ ક્ષેત્રે એસ-૫૦૦ એરડિફેન્સ સીસ્ટમ પર કરાર થઈ શકે છે.

શ્રી બેલોસોપ એક અર્થશાી છે અને યુક્રેન સાથેના

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં ૧૦ ડીગ્રી તાપમાન શ્રીનગરમાં માઈનસ ૪ ડીગ્રી

## રાજસ્થાન, યુપી, બિહાર, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર , મધ્યપ્રદેશમાં શીત લહેર

નવી દિલ્હી, તા. ૦૪

દિલ્હી-એનસીઆરમાં ઠંડી વધી ગઈ છે અને આજે ન્યુનતમ તાપમાન ૧૦ થી ૧૨ ડીગ્રી સેલ્સીયલ રહ્યું છે તો કાશ્મીરમાં શ્રીનગરમાં તાપમાન માઈનસ ચાર ડીગ્રી નોંધાયુ છે.

કાશ્મીર અને હિમાચલ પ્રદેશ જેવા પહાડી ક્ષેત્રોમાં ખાસ કરીને હિમાચલ અને કાશ્મીરમાં ભારે બરફ વર્ષા ચાલુ છે.તાપમાનનો પારો શુન્યથી નીચે ચાલ્યો ગયો છે. કેટલાંક સ્થળોમાં તો તાપમાન માઈનસ ૧૮ ડીગ્રી સેલ્સીયસ સુધી પહોંચી ગયુ છે. બરફ વર્ષાના કારણે મેદાની વિસ્તારોમાં પણ ઠંડી વધી છે.રોહતાગ જેવા કેટલાંક રસ્તા બંધ કરી દેવાયા છે.

મેદાની વિસ્તારોમાં પહાડોથી આવી રહેલી બર્ફીલી હવાઓના કારણે ઠંડી ઘણી વધી ગઈ છે. ભારત હવામાન વિજ્ઞાન વિભાગે સંકેત આપ્યો છે કે આ વર્ષે શિયાળો લા નીના અસરના કારણે છેલ્લા કેટલાંક દાયકાઓમાં સૌથી ઠંડો હોઈ શકે છે.

રાજસ્થાનમાં હાલ કડકડતી ઠંડી પડી રહી છે. અનેક જીલ્લામાં કોલ્ડવેવનું યેલો એલર્ટ જાહેર કર્યું છે. સીકરમાં ન્યુનતમ તાપમાન ૩ ડીગ્રી સેલ્સીયસ નોંધાયુ છે.

# પાક.જાસુસી નેટવર્કનો પર્દાફાશ કરતું ગુજરાત એટીએસ

## ગોવામાંથી મહિલા અને દમણમાંથી સૈન્ય સુબેદાર યુવકની ધરપકડ




અમદાવાદ, તા. ૦૪

ગુજરાત ATSએ જાસૂસી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. અને જાસૂસી કરતા બે આરોપીઓની ધરપકડ કરી છે. એક મહિલા અને એક પુરુષની અલગ અલગ રાજ્યોમાંથી ધરપકડ કરી છે. બંને આરોપીઓ સંવેદનશીલ વિસ્તારની જાસૂસી કરી માહિતી પહોંચાડતા હતા.

ગુજરાત એટીએસએ દેશ વિરોધી પ્રવૃતિ કરતા ૨ શખ્સની ધરપકડ કરી છે. એટીએસએ ગોવા અને દમણ ખાતેથી જાસૂસી કરતા બે આરોપીની ધરપકડ કરી છે. ગોવાથી રશ્મિન રવિન્દ્ર પાલ નામની મહિલાની ધરપકડ કરી છે જ્યારે દમણમાંથી એ.કે સિંહ નામના વ્યક્તિની ધરપકડ કરી છે. બંને આરોપીઓ જાસૂસી કરતા હતા.

આરોપીઓ સંવેદનશીલ વિસ્તારની જાસૂસી કરીને માહિતી ભેગી કરતા હતા. હાલ બંને ધરપકડ કરીને એટીએસ ખાતે લાવવામાં આવ્યા છે અને આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

એ.કે સિંહ આર્મીમાં સુબેદાર હતો બંને પાકિસ્તાનના સંપર્કમાં હતા. પાકિસ્તાનના જાસૂસોને આર્થિક મદદ પહોંચાડવા એ.કે સિંહ મદદ કરતો હતો.

# કરન્સી બજારમાં ભારે દબાણ ડોલર સામે રૂપિયો વધુ તૂટયો

## ટ્રેડ વોર તથા વિદેશી સંસ્થાઓ દ્વારા ભારતીય બજારમાંથી મૂડી પરત ખેંચતા રૂપિયાના મૂલ્યોનું ધોવાણ

નવી દિલ્હી, તા. ૦૪

અમેરિકા સાથેના ટ્રેડ વોર તથા વિદેશી નાણા સંસ્થાઓ દ્વારા સતત રોકાણ પાછુ ખેંચાવાના ઘટનક્રમ જેવા કારણોથી કરન્સી માર્કેટમાં ડોલર સામે દબાણમાં આવી ગયેલા રૂપિયામાં સતત ઘટાડો ચાલુ જ રહ્યો છે અને આજે વધુ નીચે સરકીને ૯૦.૪૧ના નવા તળીયે સરકી ગયો હતો.

કરન્સી માર્કેટમાં છેલ્લા ચારેક દિવસથી ડોલર સામે રૂપિયામાં પ્રચંડ દબાણ રહ્યું છે અને આજે પણ આ સીલસીલો જારી રહ્યો હોય તેમ ૯૦.૪૧ની નવી નીચી સપાટી બનાવી હતી. ગઈકાલે ૯૦.૨૯ની નવી નીચી સપાટી બનાવી હતી. તે પછી ૯૦.૧૯ના સ્તરે બંધ રહ્યો હતો.આજે કરન્સી માર્કેટના કામકાજમાં રૂપિયા તુટવો ચાલુ જ રહ્યો હતો. વિદેશી નાણા સંસ્થાઓ શેરબજારમાં બેજોડ અબજો રૂપિયાનું વેંચાણ કરી રહ્યું હોવાથી તેનો આઉટફલો સતત વધી રહ્યો છે. તેની કરન્સી માર્કેટમાં મોટી અસર છે.આ સિવાય અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં ઢીલ થતી હોવાથી તે ટુંકાગાળામાં શકય બનશે કે કેમ તે અનિશ્ચિતતાનો માહોલ ઉભો થતા તેનો પણ પ્રત્યાઘાત હતો. ચાલુ કેલેન્ડર વર્ષમાં ડોલર સામે રૂપિયામાં અંદાજિત ૫ ટકાનો ઘટાડો થયો છે. કરન્સી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાનું ૯૦નું લેવલ તુટવાના કારણે મનોવૈજ્ઞાનિક અસર ઉભી થઈ છે. અમેરિકા સાથે ટુંકાગાળામાં ટ્રેડ ડીલ શકય ન બને તો આવતા દિવસોમાં એ ૯૨ સુધી પહોંચી શકે છે.જોકે અન્ય ઘટનાક્રમો પણ ભાગ ભજવે તેવી શકયતા છે. ઘટતા રૂપિયાને કારણે ભારતમાં મોંઘવારી ભડકવાની પણ આશંકા છે. કારણ કે ક્રુડ સોના ચાંદીથી માંડીને ઈલેકટ્રોનિક ચીજો પણ મોંઘી થઈ શકે છે.

# અમેરિકામાં ટ્રેનિંગ મિશન વખતે એફ-૧૬ ફાયટર ક્રેશ

નવી દિલ્હી, તા. ૦૪

અમેરિકાનું એક F-૧૬ ફાઈટર જેટ ટ્રેનિંગ મિશન દરમિયાન કેલિફોર્નિયામાં ક્રેશ થઈ ગયું હતું. દુર્ઘટનાગ્રસ્ત થતાની સાથે જ ફાઈટર જેટ આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું. આ ભયાનક અકસ્માતની કેટલીક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. અમેરિકન એરફોર્સે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ દુર્ઘટના કેલિફોર્નિયાના ટ્રોના એરપોર્ટ પાસે બની હતી, જ્યાં એલીટ 'થંડરબર્ડ્સ સ્ક્વોડ્રન'નું F-૧૬ ફાઈટર જેટ ક્રેશ થયું. આ અકસ્માત સર્જાય તે પહેલાં જ પાઈલટ વિમાનમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો. પાઈલટને સામાન્ય ઈજાઓ થઈ છે અને તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત ડિસેમ્બર - ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ડિસેમ્બર -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# સુરત મહાનગર પાલિકા દ્વારા ઠેર-ઠેર ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ

## ફૂડ વિભાગ દ્વારા ડુમસ બીચ પર ખાણી-પીણીના સ્ટોલ પર તપાસ




સુરત, તા.૪

ગુજરાત રાજ્યના માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબના અધ્યક્ષ સ્થાને તા. ૦૩-૧૨-૨૦૨૫ના રોજ વિડીયો કોન્ફરન્સ મારફત આયોજીત મીટીંગમાં રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળો તથા તેને જોડતા એપ્રોચ રસ્તાઓ સહીત યાત્રાધામોના પરિસર તથા મુખ્ય માર્ગો ખાતે સ્વચ્છતા જળવાય, લારી-ગલ્લા/દુકાનો/ફૂડ સ્ટોલના કચરાના નિકાલ માટે ડોર ટુ ડોર ગાડી મારફત સુચારુ અમલીકરણ, યાત્રાધામો/પ્રવાસન સ્થળો સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત થાય, યાત્રાધામ/પ્રવાસન સ્થળોએ આવેલ ટોયલેટ સ્વચ્છ રહે તથા ઉચ્ચ ગુણવતા વાળા નવા ટોયલેટ વિકસાવવા તમામ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી તથા જીલ્લા કલેકટરશ્રીઓને તેઓના કાર્યક્ષેત્રમાં આવતા યાત્રાધામો/પ્રવાસન સ્થળોએ સ્વચ્છતા અભિયાન સાર્થક બનાવવા માટે આયોજન હાથ ધરવા સુચન કરેલ.

જેના અનુસંધાનમાં માન.કમિશ્નરશ્રીના આદેશ મુજબ તા. ૦૩-૧૨-૨૦૨૫ના રોજ સુરત મહાનગરપાલિકા સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં આવેલ ડુમસ બીચ ખાતે ફૂડ ક્વોલિટી ચેકિંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. સદર ઝુંબેશમાં લારી-ગલ્લા/દુકાનો/ફૂડ સ્ટોલમાં ફૂડ તથા સેનિટેશનની ટીમ દ્વારા હેન્ડ ગ્લોઝ, કેપ, મેડીકલ સર્ટીફીકેટ, કચરાના સંગ્રહ તથા નિકાલની વ્યવસ્થા વગેરે બાબતે સઘન ચેકિંગ હાથ ધરી જરૂર જણાય તે સંસ્થાના ફૂડના સેમ્પલ લેવામાં આવેલ.

આ ઉપરાંત આજ રોજ ડુમસ બીચ, સેન્ટ્રલ ઝોનના ચોક બજારમાં આવેલ ફોર્ટ તથા વેસ્ટ ઝોનમાં આવેલ બોટોનિકલ ગાર્ડન ખાતે સાફ-સફાઈ, સ્કેપ'ગ-બ્રસીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. વધુમાં રેલ્વે સ્ટેશન/બસ સ્ટેશન/એરપોર્ટ મારફત લોકો સુરત શહેરમાં પ્રવેશતા હોઈ સુરત શહેરના પ્રવેશ દ્વાર એવા મુખ્ય રેલ્વે સ્ટેશન/બસ સ્ટેશન, ઉધના રેલ્વે સ્ટેશન/બસ સ્ટેશન અને અડાજણ બસ સ્ટેશન ખાતે સાફ-સફાઈ, સ્કેપ'ગ-બ્રસીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ. યાત્રાધામ/પ્રવાસન સ્થળ સહીત સમગ્ર સુરત શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત કરવા માટે પ્લાસ્ટિકનો વપરાશ કરતા વિક્રેતા તથા હોલસેલરને ત્યાં સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. વધુમાં આ તમામ વિસ્તારોમાં કાયમી ઉચ્ચ ગુણવતાવાળી સફાઈ જળવાઈ રહે તે માટે દૈનિક સાફ-

અનુસંધાન પાના ૭ પર

## પ્રા.શાળાના બાળકોએ પાલેકર કૃષિ ફાર્મની મુલાકાત લીધી

સુરત, તા.૪

સુરતના ભટારની ગજરાબા પ્રાથમિક શાળાના બાળકોએ મહુવા તાલુકાના વડિયા ગામના સુભાષ પાલેકર કૃષિ ફાર્મની મૂલાકત લીધી હતી. ૫૦ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ પ્રાકૃતિક કૃષિના પંચ સ્તરીય જંગલ મોડલ ફાર્મની મુલાકાત લઇ તેની વિશેષતાઓ વિષે સમજણ મેળવી હતી. દેશી ગાય આધારિત પંચ સ્તરીય જંગલ મોડલ ફાર્મમાં જુદી જુદી ઊંચાઈ ધરાવતા ધાન્ય, કઠોળ, ફૂલ છોડ, બાગાયતી ફળ પાક અને વેલાવાળા શાકભાજીના એકસાથે થતાં વાવેતર અને તેના દ્વારા જમીન તેમજ પર્યાવરણને લીધે થતાં લાભો વિષે માર્ગદર્શન મેળવ્યું હતું.




## સ્કેટના વિદ્યાર્થીઓ સુમુલ ડેરીની મુલાકાતે

સુરત, તા.૪

SCET, **સાર્વજનિક યુનિવર્સિટી ના મેકેનિકલ ઇજનેરી વિભાગ દ્વારા પ્રથમ વર્ષના બી.ટેક. મેકેનિકલ ઇજનેરીના વિદ્યાર્થીઓ માટે સુરત સ્થિત સુમુલ ડેરી ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૫૧ વિઝિટર્સ એ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ દૂધ પાઉચ પેકેજિન્ગ પ્રક્રિયા, ઓટોમેશન, પનીર–ઘી–બટર ઉત્પાદન તથા સહકારી ડેરી વ્યવસ્થાની મહત્વપૂર્ણ માહિતી મેળવી. સુમુલ ડેરીના અધિકારીઓના માર્ગદર્શનથી મુલાકાત માહિતીપ્રદ અને સફળ રહી.**



# અંકલેશ્વરમાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી

## બીઆરસી ભવનમાં કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૪

અંકલેશ્વરના બીઆરસી ભવન ખાતે રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને તાલુકાના દિવ્યાંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ઘોષિત ૩ ડિસેમ્બરના રોજ વિશ્વ દિવ્યાંગ દિન તરીકે ઉજવણી કરવાના ભાગરૂપે રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર, ઈનર વ્હીલ ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા બીઆરસી ભવન ખાતે તાલુકાના દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથે વિશ્વ દિવ્યાંગ દિન તરીકે ઉજવણી કરવામાં આવી હતી.દિવ્યાંગ બાળકોના હસ્તે કેક કાપી વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર, ઈનર વ્હીલ ક્લબઓફ અંકલેશ્વર દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, વોટરબેગ, લંચ બોક્સ, તથા ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરેલ દિવ્યાંગ વિદ્યાર્થીની વૃંદા સોલંકી, હુરબાનુ લાકડાવાળા, પઠાણ નુરે ફાતેમા, જેની ચૌહાણનું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરના પ્રમુખ પંકજ ભરવાડા ,સેક્રેટરી વિપીન નાયર , ઈનર વ્હીલ ક્લબના પ્રમુખ રુપલ ભરવાડા ,સેક્રેટરી મોના શાહ, બીઆરસી કો-ઓર્ડીનેટર વિજય પટેલ, સી.આર.સી કો-ઓર્ડીનેટર્સ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એમએસએમઈ એકમોના વિવિધ પ્રશ્ને ચેમ્બર દ્વારા રજૂઆત

## અમદાવાદ ખાતે યોજાયેલી ઝોનલ લેવલની મિટીંગમાં વિવિધ પ્રશ્નો રજૂ કરાયા

સુરત, તા.૪

અમદાવાદ સ્થિત MSME-DFO (ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસ) અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે બુધવાર, તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે ભારતમાં MSME માટે કોસ્ટ એન્ડ કોમ્પીટિટીવનેસ વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ચેમ્બરની MSME કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે હાજરી આપી સુરતના MSME એકમોના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી.

થોડા દિવસો અગાઉ પણ સુરત ખાતે MSME એકમો માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જે વર્કશોપ યોજાયો હતો તેમાં MSME ની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નોને MSME ના અધિકારીઓ દ્વારા સાંભળવામાં આવ્યા હતા. દરમ્યાન આજે અમદાવાદ ખાતે સમગ્ર ઝોનલ લેવલની મિટીંગ મળી હતી, જેમાં MSME ના કુલ ૬ હજાર જેટલા પ્રશ્નો અધિકારીઓ દ્વારા શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫૦ પ્રશ્નો જ સિલેકટ કરવામાં આવ્યા હતા, આ પ્રશ્નોને કેન્દ્ર સરકાર સુધી અધિકારીઓ દ્વારા પહોંચાડવામાં આવશે.

ઉપરોક્ત ૫૦ પ્રશ્નોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરાયેલી રજૂઆતના પાંચ પ્રશ્નો સિલેકટ થયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ દ્વારા નવી દિલ્હી સ્થિત MSME મંત્રાલયના ડેપ્યુટી ડિરેકટર જનરલ સુશ્રી કાજલ જૈન અને અમદાવાદ સ્થિત MSME - DFO (ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસ)ના વડા અને જોઈન્ટ ડિરેકટર શ્રી મનોજ કુમાર વત્સ સમક્ષ ટ્રેડર્સને MSMED એકટ હેઠળ સેકશન 43B(h) માટે MSME એકમો તેમજ ટ્રેડર્સને સમકક્ષ લાવવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી. આ ઉપરાંત, સુરતમાં ૬૦૦ એમએલડીનો સીઈટીપીનો પ્લાન્ટ છે તેને પાંચ વર્ષ સુધીમાં વધારીને ૨૦૦૦ એમએલડીનો કરવામાં આવે તે મુદ્દો

અનુસંધાન પાના ૭ પર

## પાંચ દિવસમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ ૯,૭૫૩ કેસ કરાયા

સુરત, તા.૪

શહેર વિસ્તારમાં બનતા પ્રાણઘાતક અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો લાવવા તેમજ ટ્રાફિક નિયમનનાં સુચારુ સંચાલન માટે શહેર પોલીસ કમિશ્નર તથા સંયુક્ત પો.કમિશ્નર(ટ્રાફિક)ના માર્ગદર્શન મુજબ તા.૨૮/૧૧/૨૦૨૫થી તા.૦૨/૧૨/૨૦૨૫ દરમિયાન પાંચ દિવસમાં શહેરમાં સ્પે. ડ્રાઈવ યોજાઈ હતી. જે અંતર્ગત સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા રોંગ સાઈડ વાહન ચલાવતા વાહન ચાલકો, હેલ્મેટ વગર, ઑવર-સ્પીડીંગ, ટ્રાફિક-સિગ્નલ ભંગ કરતા વાહન-ચાલકો તથા ટ્રાફિકના અન્ય નિયમોના ભંગ બદલ સ્થળદંડ તેમજ ઈ-ચલણનો માધ્યમથી કુલ ૯,૭૫૩ કેસો કરવામાં આવ્યા હતા.






# યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે જંગી મતે મેહુલ રાયકા ચૂંટાયા

## મેહુલ રાયકા સંપૂર્ણ પેનલ સાથે બીજી વખત ચૂંટાયા

સુરત, તા.૪

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ અને ખાસ યુવાનોના આઈકોન એવા રાહુલ ગાંધી દ્વારા જે યુવાનોનું કોઈ રાજકીય બેગ્રાઉન્ડ ન હોય પરંતુ તેમાં સંગઠન શક્તિ હોય તેવા સક્ષમ યુવાનોને રાજકીય તક આપવા માટે યુવક કોંગ્રેસમાં સિલેક્શનના બદલે ઈલેક્શન ની શરૂઆત કરવામાં આવેલી જેના કારણે કેટલાય નવયુવાનો આજે પોતાની સંગઠન શક્તિ અને રાજકીય ઈચ્છા શક્તિ ના કારણે ભારતની રાજનીતિમાં આગળ વધી રહ્યા છે ત્યારે ગત દિવસોમાં ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ ની સભ્ય નોંધણી અને ચૂંટણી યોજવામાં આવેલી જેમાં કોઈપણ જાતનું રાજકીય બેગ્રાઉન્ડ ન હોવા છતાં પોતાની સંગઠન અને સંકલન શક્તિથી યુવાનોને પોતાની સાથે કાયમી જોડાયેલા રાખતા અને હર હંમેશ યુવાનોના પ્રશ્નોનો અવાજ બનીને લડાઈ લડતા મેહુલભાઈ રાયકા સતત બીજી વખત પોતાની સંપૂર્ણ પેનલ સાથે ૪૩૫૯ મતો ની બહુમતી થી સુરત શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવતા ફરી એકવાર સુરત શહેરના યુવાનોમાં ખૂબ ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે

વધુમાં મેહુલા રાયકા ધ્વારા જણાવવામાં આવ્યું

અનુસંધાન પાના ૭ પર

# પાલગામ જલારામ મંદિરનો ૧૬મો વાર્ષિક પાટોત્સવ

## તારીખ ૯ ડીસેમ્બર ૨૦૨૫ના રોજ યજ્ઞ, મહાપ્રસાદી સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન

સુરત, તા.૪

સુરતના પાલ ગામ ખાતેના જલારામ મંદિરે આગામી તારીખ ૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સંવત ૨૦૮૨ માગશર વદ પાંચમે વાર્ષિક પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંત શિરોમણી પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમોમાં સવારે પાંચ કલાકે કેસર સ્નાન સવારે ૭ કલાકે આરતી તથા સવારે ૯ કલાકે યજ્ઞનો આરંભ તેમજ સાંજે ૪ કલાકથી યજ્ઞ પૂર્ણાહુતિ બાદ સાંજે પાંચ કલાકથી રાત્રે આઠ કલાક સુધી મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે. જલારામ સેવા ટ્રસ્ટ પાલ તરફથી ભાવિક ભક્તોને પાટોત્સવમાં સહભાગી થઈ ધર્મ લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવાયું છે.

# ગેરકાયદે ડ્રેનેજ લાઈન અંગે પલમ્બરને આકરો દંડ કરાયો

## વાલક નગરમાં ગેરકાયદે ડ્રેનેજ જોડાણનું કામ રોકી દેવાયું

સુરત, તા.૪

નવો પૂર્વ (સરથાણા) ઝોન માં ટી.પી ૬૮ (પુણા–સીમાડા) ના વાલમ નગર, હનુમાનજી મંદિર પાસે પોલીમરીક પધ્ધતિથી બનાવેલ નવા એ.સી.સી રોડ પર તા.૦૨/૧૨/૨૦૨૫ ના રોજ ગેરકાયદેસર રીતે ડ્રેનેજ કનેકશન કરતા હોવાનું માલુમ પડતા નવો પૂર્વ (સરથાણા) ઝોન ધ્વારા તાકીદે ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન અર્થેનું ખોદાણ બંધ કરાવી, ફરીયાદી પાસેથી દંડ પેટે

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં એફજીજીઆઈમનો દીક્ષાંત સમારોહ યોજાયો

## ભારત ફૂટવેર ઉત્પાદન-ઉપભોગમાં દુનિયામાં બીજા સ્થાને :રાષ્ટ્રપતિ

અંકલેશ્વર, તા.૪

ફૂટવેર ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (FDDI)નું વાર્ષિક દીક્ષાંત સમારોહ નવી દિલ્હીના ડૉ. ભીમરાવ અંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં યોજાયો હતો. આ સમારોહમાં FDDIના વિવિધ કેમ્પસના ૫૦૦થી વધુ સ્નાતક વિદ્યાર્થીઓને ઉપાધિઓ અને મેડલો આપવામાં આવ્યા. મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ખાસ અતિથિ તરીકે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ તથા વાણિજ્ય-ઉદ્યોગ રાજ્યમંત્રી જીતેન્દ્ર પ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા. મંચ પર FDDIના વરિષ્ઠ અધિકારીઓ, ફેકલ્ટી સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ-વાલીઓ હાજર હતા.

રાષ્ટ્રપતિ મુર્મૂએ FDDIના યોગદાનની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતે અંદાજે ૨૫૦ મિલિયન ડોલરનું ફૂટવેર નિકાસ કર્યું છે, જ્યારે ૬૮૦ મિલિયન ડોલર મૂલ્યનું ફૂટવેર આયાત કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ભારત ઉત્પાદન અને વપરાશ—બન્ને ક્ષેત્રોમાં વિશ્વમાં બીજા સ્થાને પહોંચ્યું છે. રાષ્ટ્રપતિએ FDDIને પોતાના પ્રકારની એકમાત્ર "રાષ્ટ્રીય મહત્વની સંસ્થા" ગણાવી, જે ફૂટવેર, લેધર, ફેશન અને રિટેલ ક્ષેત્રો માટે કુશળ પ્રોફેશનલ્સ તૈયાર કરે છે. તેમના કહેવા મુજબ, સંસ્થાના સ્નાતકો દેશની આર્થિક પ્રગતિ, નવીનતા અને વૈશ્વિક સ્પર્ધામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

વિશિષ્ટ અતિથિ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે ભારતનું લક્ષ્ય વૈશ્વિક ફૂટવેર અને ફેશન ઉદ્યોગમાં નેતૃત્વ સ્થાપિત કરવાનો છે. સરકારે ગુણવત્તાયુક્ત ભારતીય ઉત્પાદનોને મજબૂત માટે પ્રયાસો હાથ ધર્યા છે અને દેશભરમાં

અનુસંધાન પાના ૭ પર

# સુરત ૧૬ વિધાનસભામાં ૪૫ બીએલઓનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન

## ફોર્મ કલેકશન, ડિજિટાઈઝેશન અને મતદાતા સહાય જેવી શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લા કલેકટરે પ્રશસ્તિપત્ર એનાયત કરી બિરદાવાયા

સુરત, તા.૪

સુરત જિલ્લામાં SIR અન્વયે મતદાર યાદી સુધારણા, ડિજિટાઈઝેશન સહિતની કામગીરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બૂથ લેવલ ઓફિસરોને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો.સૌરભ પારધીના હસ્તે સન્માનિત કરીને એક નવતર અને પ્રોત્સાહક પહેલ કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાની ગુણવત્તા વધારવા માટે કરાયેલો આ સન્માનનો ઉપક્રમ BLOs માટે પ્રોત્સાહનરૂપ સાબિત થયો છે.


જિલ્લા સેવા સદનના સભાગૃહમાં આયોજિત સન્માન કાર્યક્રમમાં કલેક્ટરશ્રીએ સન્માનિત BLOsની કામગીરીની વિગતો, તેમના ફિલ્ડવર્કના અનુભવો જાણ્યા હતા, BLOs દ્વારા એકત્રિત તેમજ વિતરણ કરાયેલા ફોર્મોની સંખ્યા, ડિજિટાઇઝેશનનું પ્રમાણ, દૈનિક કામગીરીમાં સાતત્ય અને ટકાવારી જેવી વિગતો મેળવીને કલેક્ટરશ્રીએ ટીમના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

જિલ્લાની ૧૬ વિધાનસભામાંથી કુલ ૪૫ BLOsને આ સન્માન પ્રાપ્ત થયું હતું. જેમાં ૧૬૯-બારડોલી વિધાનસભાના વાસંતિબેન પટેલ, સોનલબેન પટેલ, પ્રતિક્ષાબેન કપલેઠીયા, અરવિંદભાઈ ગામીત તેમજ ૧૬૦-સુરત ઉત્તર વિધાનસભાના મહાવીરસિંહ પુવાર સહિતના BLOsનો સમાવેશ થાય છે. આ અધિકારીઓએ પોતાના મતદાન મથક ક્ષેત્રમાં ટાર્ગેટ મુજબ દરરોજ

અનુસંધાન પાના ૭ પર



# હિન્દુ વિવાહમાં દુલ્હન કેમ પહેરે છે લાલ કપડા? જાણીલો આધ્યાત્મિક કારણ



હિન્દુ ધર્મમાં, લગ્નને ૧૬ સંસ્કારોમાંનું એક માનવામાં આવે છે, જેમાંથી દરેકનું એક ખાસ મહત્વ છે. એકંદરે, દરેક લગ્ન વિધિ અને રિવાજનો ઊંડો ભાવનાત્મક અને વ્યક્તિગત અર્થ છે. આ પરંપરાઓ ફક્ત ધાર્મિક જ નથી પણ સંબંધોને મજબૂત બનાવવા માટે પણ સેવા આપે છે. હિન્દુ લગ્નોમાં અસંખ્ય પરંપરાઓ છે, જેમાંથી એક દુલ્હન લાલ પોશાક પહેરે છે. ચાલો આ ખાસ પરંપરા વિશે જાણીએ, જે સદીઓથી ચાલી આવે છે.

## લગ્નમાં દુલ્હનનું લાલ પોશાક પહેરવાનું મહત્વ

જ્યારે દુલ્હન મંડપમાં આવે છે ત્યારે તેના માટે લાલ સાડી અથવા લાલ પોશાક પહેરવો પરંપરાગત છે. પાનેતર સફેદ રંગનું હોય છે જ્યારે ચૂંદડી કે ઘરચોળુ લાલ રંગનું હોય છે. ધાર્મિક પરંપરા અનુસાર, લાલ રંગ ફક્ત સુંદરતા માટે નથી. હિન્દુ માન્યતાઓ અનુસાર, લાલ રંગ દેવી લક્ષ્મીનું પ્રતીક છે. લગ્નના દિવસે, દુલ્હનને દેવી લક્ષ્મીનું સ્વરૂપ માનવામાં આવે છે, તેથી તેને ઘરમાં સુખ, સમૃદ્ધિ અને શુભતા લાવવા માટે લાલ રંગ પહેરવામાં આવે છે. આ કારણોસર, દુલ્હનને ઘરના લક્ષ્મી કહેવામાં આવે છે.

## લાલ રંગને અગ્નિનું પ્રતીક માનવામાં આવે

લાલ રંગને અગ્નિનું પ્રતીક પણ માનવામાં આવે છે. સમગ્ર લગ્ન સમારોહ અગ્નિને સાક્ષી તરીકે રાખીને કરવામાં આવે છે. તેથી, કન્યાને લાલ-કેસરી રંગ પહેરાવવામાં આવે છે, જે અગ્નિની યાદ અપાવે છે. વધુમાં, લાલ રંગ હિંમત, ઉર્જા અને નવા જીવનની શરૂઆતનું પણ પ્રતીક છે. વધુમાં, લગ્ન જીવનમાં એક નવા પ્રકરણને પણ ચિહ્નિત કરે છે, તેથી લાલ રંગને શુભ માનવામાં આવે છે.

## લાલ રંગ બલિદાનનું પ્રતીક છે

કન્યાએ લાલ રંગ પહેરવાનું એક કારણ એ છે કે તેને બલિદાન અને સમર્પણનું પ્રતીક માનવામાં આવે છે. લગ્ન દરમિયાન, કન્યા તેના માતાપિતાનું ઘર છોડીને તેના સાસરિયાના ઘરમાં નવું જીવન શરૂ કરે છે. આ સમર્પણ અને બલિદાન લાલ રંગનું પ્રતિક છે. લગ્ન માત્ર એક સમારોહ નથી, પરંતુ એક સંપૂર્ણ વૈદિક વિધિ છે. તેથી, મહેંદી, હળદર, તેલનો પ્રસાદ, ગામની માટી (માંગર માટી) લાવવા અને મંડપ બાંધવા સહિતની દરેક વિધિ પાછળ વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કારણો હોય છે.

# ઘરની ઉત્તર-પૂર્વ દિશામાં લગાવો આ છોડ, માતા લક્ષ્મી થશે પ્રસન્ન

**છોડ ફક્ત સુશોભનની વસ્તુઓ નથી પણ તેમાં ઘરની નકારાત્મક ઉર્જા દૂર કરવાની શક્તિ પણ છે**



છોડ ઘરમાં વાસ્તુ દોષનો નાશ કરે છે. એટલા માટે આજ સુધી, લગભગ દરેક ઘરની બાલ્કનીમાં અથવા ખૂણામાં છોડ રાખવામાં આવે છે. પરંતુ છોડ રાખવાની દિશા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે જો છોડ ખોટી દિશામાં રાખવામાં આવે તો વાસ્તુ દોષ થાય છે. ઉપરાંત, આર્થિક સ્થિતિ ખરાબ રહે છે. છોડ ઘરમાં વાસ્તુ દોષનો નાશ કરે છે. એટલા માટે આજ સુધી, લગભગ દરેક ઘરની બાલ્કનીમાં અથવા ખૂણામાં છોડ રાખવામાં આવે છે. પરંતુ છોડ રાખવાની દિશા પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે જો છોડ ખોટી દિશામાં રાખવામાં આવે તો વાસ્તુ દોષ થાય છે. ઉપરાંત, આર્થિક સ્થિતિ ખરાબ રહે છે.

### શમીનો છોડ

શમીના છોડ માટે ઉત્તર-પૂર્વ અથવા પૂર્વ દિશા સૌથી શુભ માનવામાં આવે છે. આ છોડ કર્મ આપનાર શનિદેવ સાથે સંકળાયેલો માનવામાં આવે છે. તેને લગાવવાથી શનિદેવના આશીર્વાદ જળવાઈ રહે છે અને પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય સુધરે છે.

### ક્રાસુલાનો છોડ

વાસ્તુ શાસ્ત્ર અનુસાર, ક્રાસુલાનો છોડ ઉત્તર-પૂર્વ દિશામાં લગાવવો શ્રેષ્ઠ માનવામાં આવે છે. જો આ શક્ય ન હોય, તો તમે તેને ઉત્તર અથવા પૂર્વમાં પણ મૂકી શકો છો. આમ કરવાથી ધન વધે છે અને જીવનમાં સમૃદ્ધિ જળવાઈ રહે છે.

### અપરાજિતાનો છોડ

વાસ્તુ અનુસાર, અપરાજિતાનો છોડ ઉત્તર-પૂર્વ દિશામાં લગાવવો જોઈએ. આમ કરવાથી ઘરમાં શાંતિ અને સુખ જળવાઈ રહે છે. તે દેવી લક્ષ્મી, ભગવાન વિષ્ણુ અને ભગવાન શનિદેવ સાથે પણ સંકળાયેલો માનવામાં આવે છે. તેથી, આ છોડને ઘરમાં લગાવવાથી આ દેવતાઓના આશીર્વાદની ખાતરી થાય છે.



# પ્રોસેસ્ડ ફુડથી બચવાની જરૂર છે

પોતાના આરોગ્ય પ્રત્યે જાગરૂક રહેલા લોકો હમેંશા ભોજનમાં પ્રોસેસ્ડ ફુડથી બચવાના પ્રયાસ કરે છે. પ્રોસેસ્ડ ફુડનો ઉપયોગ કરનાર લોકો બીજા લોકોની તુલનામાં વધારે પ્રમાણમાં કેલોરીનો ઉપયોગ કરે છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં પણ ફરી સાબિતી મળી ગઇ છે કે વજન વધવાના સીધા સંબંધ પ્રોસેસ્ડ ફુડ સાથે રહેલા છે. પોતાના આરોગ્યને લઇને સાવધાન રહેલા લોકો આને લઇને કોઇ ભુલ કરતા નથી. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ દુનિયાભરમાં ગંભીર બિમારીનુ મુખ્ય કારણ પ્રોસેસ્ડ ફુડ છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે હાર્ટ અટેક, હાર્ટને લગતી અન્ય સમસ્યા, ડાયાબિટીસ અને ઓછી વયમાં મૃત્યુ જેવા બનાવો માટેના કારણ પણ પ્રોસેસ્ડ ફુડ છે. રસાયણોના ઘાતક મિશ્રણ સાથે આ ચીજો બનાવવામાં આવે છે. આમાં ખાંડ અને મીઠાનુ પ્રમાણ વધારે પડતુ રાખવામાં આવે છે. આવી રીતે આ તમામ પેક તૈયાર કરવામાં આવે છે. આ તમામ મળીને શરીરની અંદર નુકસાન કરે છે. આના કારણે શરીરમાં ફાઇબર અને એન્ટીઓક્સીડન્ટની કમી થઇ જાય છે. આ ઉપરાંત તે દિમાગના એ હિસ્સામાં વધારે અસર કરે છે જેના કારણે આ પ્રકારની ચીજોની વ્યક્તિને ટેવ પડતી જાય છે. આના કારણે જરૂરી પૌષણ મળતા નથી. કેટલાક વર્ષોના ઉંડા અભ્યાસ બાદ આ બાબતની સાબિતી મળી ગઇ છે કે વજન ઓછુ રાખવા અને તેને નિયંત્રિત કરવા માટે આપને કોઇ પણ પ્રકારના ડાયટિંગની કોઇ જરૂર નથી. જરૂર માત્ર ભોજનના વિકલ્પને સાવધાનીપૂર્વક પસંદ કરવાની રહેલી છે. આમાં એક હિસ્સો પ્રોસેસ્ડ ફુડથી સંપૂર્ણપણે દુર રહેવાની બાબત પણ સામેલ છે. વધારે પ્રમાણમાં કેટલાક લોકો કેલોરીયુક્ત ડાઇટ લે છે પરંતુ સાવધાનીપૂર્વક આનો ઉપયોગ કરવામાં આવે છે. વૈપાનિકો પણ હવે તો પ્રોસેસ્ડ ફુડની સાઇડ ઇફેક્ટ અંગેની ચેતવણી આપી રહ્યા છે. આના કારણે વજન વધે છે. નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થના શોધ કરનાર લોકોએ શોધ્યુ છે કે જે લોકો પ્રોસેસ્ડ ફુડ ખાતા હોય છે તે બીજા લોકોની તુલનામાં પોતાના શરીરમાં ૫૦૦ કેલોરી વધારે લે છે. એટલે કે સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી વધારે લે છે. આના કારણે દરેક સપ્તાહમાં આશરે અડધા કિલોગ્રામ વજન વધી જાય છે. આ ફુડથી દુર રહીને એક દિવસમાં ૫૦૦ કેલોરી ઓછી ખાવા પર સપ્તાહમાં સપ્તાહમાં ૩૫૦૦ કેલોરી શરીરમાં ઓછી જશે. આના કારણે દરેક સપ્તાહમાં અડધા કિલો વજન ઘટી શકે છે. શોધ કરનાર લોકોએ આ પ્રકારના તારણો જ રજૂ કર્યા છે. જેમાં

કહેવામાં આવ્યુ છે કે જે લોકો અલ્ટ્રા પ્રોસેસ્ડ ડાયટ પર હતા તેમનુ વજન એક મહિનામાં આશરે સરેરાશ ૯૦૦ ગ્રામ વધી ગયુ છે. સાથે સાથે સાધારણ ભોજન કરનાર લોકોએ પણ સરેરાશ આટલુ જ વજન ઓછુ કર્યુ છે. સમયની સાથે આ સરેરાશ કેલોરી વધતી જાય છે. વધેલુ વજન ગંભીર આરોગ્યના ખતરાને જન્મ આપે છે. શોધકર્તા એવા પણ તારણ પર પહોંચી ગયા છે કે પ્રોસેસ્ડ ભોજનની પસંદગી એટલા માટે કરવામાં આવે છે કે તે સરળતાથી પચાવી શકાય છે. કારણ કે તે સોફ્ટ હોય છે. પ્રોસેસ્ડ ફુડને લઇને કેટલીક ચોંકાવનારી વિગત પણ સપાટી પર આવી ચુકી છે. સ્પેનમાં હાલમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પ્રોસેસ્ડ ફુડ વધારે પ્રમાણમાં ખાય છે તેમનામાં ભુખ દબાવી દેનાર હાર્મોન વધારે પ્રમાણમાં હોય છે. સાથે સાથે ભુખને જગાવનાર હાર્મોન ઓછા પ્રમાણમાં હોય છે. વધારે પ્રમાણમાં પ્રોસેસ્ડ ફુડ ખાવા પર શરીરની કેમિસ્ટ્રી એ રીતે કામ કરે છે કે તમે ન ખાવાની ઇચ્છા હોવા છતા પણ વધારે ખવાઇ જાય છે. ખાવા પર કાબુ ન હોવાના કારણે તેના પરિણામસ્વરૂપે વજન વધવાની શરૂઆત થાય છે. જો તમે જંક ફુડ અને પ્રોસેસ્ડ ફુડના ડબ્બાને ખોલીશો નહીં તો આપના હાર્મોન પણ આપને વજન ઘટાડી દેવામાં મદદ કરે છે. આવી સ્થિતીમાં સમજી શકાય છે કે પ્રોસેસ્ડ ફુડથી દુર રહેવામાં જ ભલાઇ રહેલી છે. જો અમે દીર્ઘકાલીન આરોગ્યને લઇને પરવાહ કરતા નથી તો કમ સે કમ તરત જ વજન ઘટાડી દેવા માટે તો પ્રોસેસ્ડ ફુડથી અંતર કરી શકાય છે. પહેલા કરતા વધારે સારા આરોગ્યનો અનુભવ થાય છે.

# કેટલા કલાક સૂઈ જાવ છો તમે?

આપણે આપણા જીવનનો ત્રીજો ભાગ સુવામાં પસાર કરીએ છીએ. જે રીતે ખોરાક, હવા, પાણી આપણા જીવવાના જરૂરી સાધનો છે એમ ઉંઘ પણ અતિશય જરૂરી સાધન છે. ઉલટું એમ કહીએ કે માણસ ખોરાક અને પાણી વગર દિવસો સુધી જીવી શકે છે, પરંતુ ઉંઘયા વગર નહી તો જરાય અતિશયોકિત નહી કહેવાય, જેમ કોઈ પણ મશીનને યોગ્ય રીતે ચાલવા માટે થોડા સમયનો આરામ જરૂરી છે એમ શરીર પણ એક એવુ જ મશીન છે જેને રાત્રે સૂઈને આપણે એને બીજે દિવસે વ્યવસ્થિત ચાલવાનું બળ પુરું પાડીએ છીએ. સ્લીપના બે મહત્વના પાસાઓ છે. એક તો કવોલિટી અને બીજું કવોન્ટિટી ઘણી વાર આપણે કહીએ છીએ કે રાત્રે સૂતા ભેગી સવાર પડી આજે તો એવી ઉંઘને સારી કવલિટીની ઉંઘ કહેવાય છે અને કવોન્ટિટી એટલે વ્યકિતએ કેટલા કલાક સુવું જોઈએ એ સમય. ઉંઘ વ્યકિતના મગજનું કાર્ય, ભાવનાત્મક વલણ, શારીરિક સ્વાસ્થ્ય, આખા દિવસમાં એના દ્વારા થતી પ્રવૃત્તિ અને શરીરની રોગપ્રતિકારક શક્તિનું સંચાલન કરે છે. ઉંઘની કવોલિટી સારી હોય અને કવોન્ટિટી યોગ્ય હોય તો માણસ સ્વસ્થ જીવન જીવી શકવાની તાકાત ધરાવતો થઈ જાય છે. તાજેતરમાં અમેરિકાના નેશનલ સ્લીપ ફાઉન્ડેશન દ્વારા વ્યકિતએ કેટલા કલાકની ઉંઘ લેવી જોઈએ એના કલાકો નિશ્ચિત કરતી નવી ગાઈડલાઈન્સ પ્રકાશિત કરી છે, જેમાં જૂની ગાઈડલાઈન્સમાં થોડા ફેરફાર પણ કરવામાં આવ્યા છે.

ખાસ કરીને ચાર મહિનાના બાળકથી લઈને ૧૭ વર્ષ સુધીના તરુણ માટે જરૂરી ઉંઘના કલાકોમાં ફેરબદલી કરવામાં આવી છે. આ વૈજ્ઞાનિકોનું માનવું હતું કે પહેલા જે ગાઈડલાઈન્સ હતી એ મુજબ બાળકો માટે જ ઉંઘના કલાકો નિશ્ચિત થયા હતા એના કરતા વધુ ઉંઘની જરૂર આ ઉંમરના બાળકો ને છે.



સ્લીપ, એનેટોમી અને ફિઝિયોલોજી, ન્યુરોલોજી, ગાયનેકોલોજીના નિષ્ણાતો અને બાળકોના ડોકટરો મળીને કુલ ૧૮ જણની સ્પેશ્યલ ટીમે લગભગ બે વર્ષ સુધી કરેલા કામના ફળસ્વરૂપે સૌથી ઉપયોગી ગાઈડલાઈન્સ મળી છે, જે ઉંમરના આધારે વ્યક્તિને કેટલા કલાકની ઉંઘ જરૂરી છે એ વિશે જણાવે છે. આવી ગાઈડલાઈન્સની ઉપયોગિતાએ છે કે ઉંમર પ્રમાણે તમને કેટલી ઉંઘની જરૂર છે એ તમે જાણી શકો છો એટલું જ નહી, જો એમાં કોઈ વધ-ઘટ હોય તો એ યોગ્ય છે કે નહી એ જાણવા માટે ડોકટરનો સંપર્ક પણ કરી શકો છો. ઘણી વાર વ્યક્તિને પ્રશ્નથાય કે કોઈ સૂએ તો ગણતરી સાથે થોડી જ સૂવે કે હું ૭ કલાક સૂઈ જઈશ? દરેક વ્યકિત ઉંઘ આવે ત્યારે સૂએ અને ઉંઘ ઉડે અથવા તો તેના નિશ્ચિત સમયે ઓફિસ કે સ્કૂલ જવાના સમયે ઉઠી જાય. એ વાત સાચી છે કે વ્યકિત કલાકોની ગણતરી કરી સુએ નહી, પરંતુ એ પણ હકીકત છે કે શરીરને અમુક કલાકની ઉંઘ જરૂરી જ છે. આમ એવરેજ જો તમે ઓછું સૂતા હો તો તરત જ ડોકટરનો સંપર્ક કરવો ઈચ્છનીય છે.

નિશ્ચિત કલાકોનું મહત્વ ફક્ત અડધો કલાક કે કલાક પણ કોઈ વ્યક્તિ ઓછું સૂતી હોય તો તેના શરીર પર એની અસર ખૂબ વધારે પડે છે જે દેખીતી રીતે સમજાતી નથી, પરંતુ ચોક્કસપણે તેના શરીર પર અસર થાય જ છે. સૂવા માટે કલાકો નિશ્ચિત કરવાનું મહત્વ સમજાવતા જસલોક હોસ્પિટલના સ્લીપ ડિસઓર્ડર કિલનિકના ડિરેકટર અને ન્યુરોલોજિસ્ટ ડો. પ્રીતિ દેવનાણી કહે છે, ઉંઘના કલાકોમાં થતો નાનકડો ઘટાડો પણ ડાયાબિટીઝ, બ્લડપ્રેશર અને હાર્ટ પ્રોબ્લેમ્સને નોતરે છે. ઘણા રિસર્ચ દ્વારા સાબિત થયું છે કે જે લોકો અપૂરતી ઉંઘ કરે એટલે કે ૬ કલાકથી ઓછી અને વધુ ઉંઘ એટલે કે ૧૦ કલાકથી વધુ ઉંઘે છે તેમનું મૃત્યુ સમય કરતા પહેલાં આવે છે. ઘણા લોકોને લાગે છે કે થોડા દિવસ માટે જ તેમને ઉંઘનો પ્રોબ્લેમ થયો છે, પરંતુ ફકત પાંચ દિવસ જેટલા ઓછા સમય માટે પણ ઉંઘ ઓછી પડી હોય તો વ્યકિતના મગજ પર અસર થાય છે. ખાસ કરીને તેનું ફોકસ ઘટી જાય છે અને તેની કાર્યક્ષમતા પર સીધી અસર પડે છે.

અન્ય પરિબળો : ઉંમર સિવાય બીજા અમુક પરિબળો છે જે સૂવાનાકલાકો પર અસરકર્તા છે. એ વિશે સમજાવતા ડો. પ્રીતિ દેવનાણી કહે છે, જે વ્યકિતઓનો શારીરિક શ્રમ નોર્મલ વ્યકિતઓ કરતાં ઘણો વધારે છે જેમ કે એથ્લીટસ કે સ્પોર્ટસપર્સન તેમને નિશ્ચિત કલાકો કરતા વધુ સુવાની જરૂર પડે છે. જે વ્યકિતમાં હોર્મોનલ ઈમ્બેલેન્સ થયું હોય જેમ કે સ્ત્રી પ્રેગ્નન્ટ હોય અથવા મેનોપોઝનો સમય હોય ત્યારે તેને વધુ સૂવાની જરૂર પડે છે. વળી જે મમ્મીઓનું નવજાત બાળક છે તેને પણ અપૂરતી ઉંઘનો સતત પ્રોબ્લેમ રહે છે. એકધારી ઉંઘ ન થવાને કારણે તેને વધુ કલાકો સુવાની જરૂર પડે છે.

# હિમાચલમાં કૃપા વરસાવતાં ચાર માતાજી

ગયા અઠવાડિયે હિમાચલ પ્રદેશ સ્થિત વૈષ્ણોદેવી માતાની આપણે ભાવપૂર્ણ ચર્ચા કરી. આજે એ ધર્મયાત્રાને આગળ ધપાવતાં આપણે એ વિસ્તારમાં આવેલાં માતાજીના ચાર જુદા જુદા સ્થાનકોએ જઈએ. રામાયણ મહાભારતના કાળમાં પણ જેનો ઉલ્લેખ મળી આવે છે. એવા સ્થાનક પણ આ ચારમાં સામેલ છે. વૈષ્ણોદેવી માતાની જેમ જ આ માતાજીઓ શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ કરનારાં છે. સૌથી પહેલા કાંગડાની વાત કરીએ. કાંગડા કે કાંગરા શહેરમાં આવેલું મતા બજેશ્વરીનું મંદીર એટલે ભાવીકોના ધાડેધાડા આકર્ષતું ધર્મસ્થાન ધર્મશાલથી આશરે વીસેક કિલોમીટર દૂર કાંગડા કિલ્લો છે.

હિમાચલ પ્રદેશનો એ સૌથી મોટો અને દેશનો સૌથી જુનો કિલ્લો છે. કાંગડાના પરીસરને દેવભૂમિ તરીકે પણ ઓળખવામાં આવે છે કે કેમ કે ત્યાં નાનાં-મોટાં મળીને ત્રણેક હજાર મંદીરો છે ! રાજય સરકાર જેની તમામ દેખરેખ રાખે છે તેવું અહીંનું એક પ્રભાવશાળી મંદીર એટલે બજેશ્વરી દેવી મંદીર કોઈક કાળે આ મંદીર તેની સંપત્તિ તેના ભપકા અને ઐશ્વર્ય માટે અત્યંત પ્રચલીત હતું. અટલે કે મહંમદ ગઝનીને ૧૦૦૯માં તો મહંમદ બિન તઘલખે ૧૩૩૭માં તેને લુંટયું એ પછી પંદરમી સદીની શરૂઆતમાં સિકંદર લોદીએ મંદીરને ધ્વસ્ત કર્યું હતું. અને પછી ૧૫૪૦ માં ખ્વાસ ખાને નાગરકોટમાં ધમધમતી બજાર પાછળ આવેલા આ મંદીરને એ પછી અનેકવાર નવેસરથી બાંધવામાં આવ્યું. અત્યારે જે દ્રશ્યમાન છે એ મંદીર ૧૯૨૦ માં બંધાયું હતું. બજેશ્વરી દેવીને વ્રજભાઈ અનેબ્રજયોગીની તરીકે પણ ઓળખવામાં આવે છે. દેશની શકિતપીઠમાં સ્થાન ધરાવતા આ મંદીરમાં દંતકથાઓ મુજબ સતીનો જમણો હાથ પડયો હતો. ત્રણ ધર્મના પ્રતીકસમાન અહી ત્રણ પિંડની પૂજા કરવામાં આવે છે. આ મંદિરમાં બપોર પછી ગભારો ઉઘાડવામાં આવે છે. મજાની વાત એ છે કે એકાદશીએ ચોખા ખવાય નહી છતાં અહી મા એકાદશી સ્વયં હાજર હોવાથી તેઓને એકાદશીએ ચોખાનો ભોગ ચડાવાય છે ! આ મંદિર પછી આગળ પ્રવાસ કરતાં બારેક કિલોમીટર ચામુંડેશ્વરી કે ચર્ચિકા માતાનું સ્થાનક આવે છે. હિંદુ ધર્મમાં માતાનું સ્થાન તેને પ્રાપ્ત છે અને સાત માતૃકાઓમાંના એક છે. કયારેક માત્ર આદિવાસીઓની માતા લેખાતાં ચામુંડા માતા સમયકાળે હિંદુઓ અને જૈનોનાં માતાનું સ્થાન પામ્યાં. રામાયણ-મહાભારતમાં આ મંદિરનો ઉલ્લેખ મળી આવે છે. પાલનપુરથી આ મંદીર દસેક કિલોમીટર દૂર છે. અને ધર્મશાળાની પંદરેક કિલોમીટર અહી બાણગંગા નદીમાં સ્નાન કરવું અત્યંત પવિત્ર માનવામાં આવે છે. મંદિરના પ્રાંગણમાં વિશાળ કુંડ પણ છે. જેમાં ભાવિકો ડૂબકી લગાડે છે. જો કે મંદીરમાં પાવીત્રયના કારણોસર કોઈનેય માતાજીની મુખ્ય મૂર્તિના દર્શન કરવા દેવામાં આવતાં નથી. તેનાથી આગળનો પ્રવાસ ખેડો એટલે આવે જવાલાજી, જવાલાદેવીનું મંદીર. એ પણ એ શકિતપીઠ છે. આ સ્થળે માતાજીની જિહવા પડી હોવાની અથવા વસ્ત્રો પડયાં હોવાની માન્યતા છે. જીહવાની વાત માનીએ તો જયોતરૂપે અહી બિરાજમાન માતાની જયોત જીભનું પ્રતીક છે. વિશ્વમાં માતાજીની જે નવ અખંડ જયોત છે. તેમાંની આ એક આ મંદીરે આવેલા અકબર રાજા એટલા પ્રભાવીત થયા હતા કે તેમણે અહી વિશાળ છત્ર બનાવ્યું હતું એ ાછી પણ માતાજીની જયોત બુઝાઈ નહોતી !

# સ્થુળતાને લઇને તમામ લોકો પરેશાન

સ્થૂળતાને લઈને આધુનિક સમયમાં વિશ્વના દેશોમાં રહેલા લોકો પરેશાન થયેલા છે. ભાગદોડની લાઈફસ્ટાઈલ, સમયનો અભાવ, ખાવાપીવાની ખરાબ ટેવ અને પૂરતી ઉંઘ નહીં મળવાની બાબત સહિતના જુદા જુદા પરિબળોના પરિણામ સ્વરૂપે સ્થૂળતાથી તમામ લોકો ગ્રસ્ત બની રહ્યા છે. ખૂબ ઓછા લોકોને આ વાતની માહિતી છે કે સ્થુળતા દરેક વ્યક્તિના આયુષ્યમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધીનો ઘટાડો કરી દે છે. આયુષ્યમાં ઘટાડો કરવાની સાથે સાથે જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપી દેછે. જેના પરિણામ સ્વરૂપે જીવન વધારે મુશ્કેલભર્યું બની જાય છે અને ઘણા ધારાધોરણો નાની વયમાં જ પાળવાની ફરજ પડે છે. આ બાબત કોઈ અટકળ નથી પરંતુ કેનેડિયન અભ્યાસમાં સાબિત થઈ ચુક્યું છે. થોડાક સમય પહેલા જ કેનેડિયન અભ્યાસના તારણો લેન્સેટ, ડાયાબિટીસ એન્ડ ઈન્ડોક્રિનોલોજીના નામથી રજુ કરવામાં આવ્યા હતા. જેમાં સાફ શબ્દોમાં જણાવાયું હતુ કે સ્થૂળતા આઠ વર્ષ સુધીનું આયુષ્ય ઘટાડી શકે છે. સાથે સાથે ડાયાબિટીસ અને હાર્ટની લગતી બિમારીઓમાં અનેકઘણો વધારો કરી દે છે. નાની વયમાં જ આ પ્રકારની ગંભીર બિમારીઓ કોઈ વ્યક્તિને ઘેરી લે તો તેની જીવન નરક બનવા તરફ આગળ વધે છે. વધારે પડતા વજન અને ઘટતી જતી લાઈફ વચ્ચે સીધા સંબંધો છે કે કેમ તેને આવરીલઈને કરવામાં આવેલા અભ્યાસમાં સંશોધકો એવા તારણ પર પહોંચ્યા કે તેમની વચ્ચે સીધા સંબંધો રહેલા છે. સ્થૂળ વ્યક્તિ ઓછા સમય સુધી પોતાનું જીવન ટકાવી શકે છે. હેલ્થી વર્ષો લાઈફમાં જતા રહે છે. ૨૦થી લઈને ૭૯ વર્ષની વયજૂથના ૪૦૦૦થી પણ વધુ લોકોને આવરી લઈને કરવામાં આવેલા આ અભ્યાસમાં આ મુજબની બાબત સપાટી પર આવ્યા બાદ એક બાબત નિશ્ચિત બની છે કે જે લોકો ખૂબજ સ્થૂળ બની ગયા છે તે લોકો જીવનના આઠ વર્ષ ગુમાવી શકે છે. જ્યારે ઓવર વેઈટ



ધરાવનાર લોકો પણ લાઈફના ત્રણ વર્ષ ગુમાવે છે. વધુમાં હેલ્થી લાઈફના વર્ષ ઓવર વેઈટ વાળા લોકો વધુ ગુમાવે છે. સામાન્ય વજન ધરાવનાર લોકોની સરખામણીમાં વધુ વજન ધરાવનાર લોકોની લાઈફ ઘણા વર્ષ સુધી ઘટી જાય છે. નાની વયમાં જ ખૂબ વધુ જાડિયા થઈ ગયેલા લોકો હેલ્થી લાઈફ સ્ટાઈલના ઓછામાં ઓછા ૧૯ વર્ષ ગુમાવી દે છે. ડાયાબિટીસ અથવા હાર્ટના રોગથી મુક્ત એવી લાઈફ સ્ટાઈલ દરેક વ્યક્તિ ઈચ્છે છે પરંતુ ઓવર વેઈટ અથવા તો સ્થુળતાની નકારાત્મક અસર યુવા લોકોમાં જીવનને ઘટાડે છે જેને ખૂબજ સાવધાનીપૂર્વક સમજવાની જરૂર છે અને સ્થૂળતાને રોકવાની દિશામાં પગલા પણ જરૂરી છે. વયની સાથે સાથે વજન ખૂબ મહત્વ રાખે છે. ધુમ્રપાનની જેમ જ ઓવરવેઈટ પણ ખતરનાક સાબિત થઈ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે, જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બીએમઆઈ દરેક વ્યક્તિની હાઈટ અને વજન ઉપર આધારિત હોય છે. બોડી માસ ઈન્ડેક્સ અને અન્ય અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઇ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ. વજન અને હાઈટ બંનેની ગણતરી સમતુલીત પણે કરવામાં આવે તે જરૂરી છે. ભારતીય તબીબ ડો. રચના ઝાલાએ કહ્યું છે કે, સ્થૂળતા અને વધારે પડતુ વજન સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. સ્થૂળતાને કારણે એકબાજુ ડાયાબિટીસ, હાર્ટ સાથે સંબંધિત તકલીફ ઉભી થાય છે.

## તંત્રી લેખ...-

**ગુરૂવાર, તા.૪ ડિસેમ્બર ૨૦૨૫**

# હવાની કથડતી ગુણવત્તા અને મુંબઈ

ઈથોપિયામાં ૧૨ હજાર વર્ષથી સુષુપ્ત જ્વાળામુખીમાંથી ઊઠેલી રાખને મુંબઈની હવાની ગુણવત્તા બગાડવા માટે નિર્દોષ જાહેર કર્યા બાદ બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે બાંધકામ પ્રવૃત્તિઓને કારણે શહેરની હવા ખરાબ થઈ રહી હોવાની વાત પર ભાર આપતાં વહીવટી તંત્રને હાલમાં અમલમાં હોય એવી માર્ગદર્શિકા પર યોગ્ય રીતે અમલ કરવાની તાકીદ કરી છે. ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અનખડની ખંડપીઠે મુંબઈની હવાની સતત બગડી રહેલી ગુણવત્તા બાબતે પાંચ સભ્યોની સ્વતંત્ર સમિતિની રચના કરવાનો આદેશ આપતાં સ્વીકાર્યું છે કે, કથળતા એર ક્વોલિટી ઈન્ડેક્સની (એક્યુઆઈ) સમસ્યા લાંબા ગાળાની છે, પણ એના માટે બાહ્ય પરિબળોને જવાબદાર ઠેરવવાને બદલે કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા પર ભાર આપ્યો હતો. દેશનાં અનેક મહાનગરોમાં શિયાળા દરમિયાન એક્યુઆઈની સ્થિતિ ભયજનક સ્તરે પહોંચી જાય છે, દિલ્હીની સમસ્યા માટે પાડોશી રાજ્યોમાં ચોખાની ખેતી બાદ પરાળી બાળવા ઉપરાંત આ વખતે તો ઈથોપિયાના જ્વાળામુખીમાંથી ઊઠેલી રાખ વધારાનું પરિબળ સાબિત થયું છે, પણ મુંબઈમાં બાંધકામ પ્રવૃત્તિઓનો વધેલો વ્યાપ શહેરની હવાને પ્રદૂષિત કરી રહ્યાનું છેલ્લાં થોડાં વર્ષોથી જોવા મળે છે. આ માટે ઉપાય યોજનાઓ અને માર્ગદર્શિકા સંબંધિત સત્તાવાળાઓએ બનાવ્યા છે, પણ તેના પર યોગ્ય અમલ થઈ રહ્યો નથી એ વાસ્તવિકતા છે. દિલ્હી છેલ્લાં ૧૫ વર્ષથી ભયંકર વાયુ પ્રદૂષણનો સામનો કરી રહ્યું છે. જો કે, દરિયાકાંઠો હોવાથી મુંબઈને રાહત મળે છે, આથી અદાલતનું કહેવું છે કે, કેટલીક તકેદારીઓ રાખવામાં આવે અને કડક હાથે કામ લેવાય તો એક-બે અઠવાડિયાંમાં ફરક પડી શકે છે. હાઈકોર્ટે બૃહદ મુંબઈ મહાનગરપાલિકા, મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા રાજ્યના સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ સહિતની પાંચ સભ્યની સમિતિની રચના કરી છે. આ સમિતિને બાંધકામ સાઈટ્સનું નિરીક્ષણ કરવા તથા આ જગ્યાઓ પર પ્રદૂષણ નિયંત્રણ સંબંધિત નિયમોનું ખરેખર પાલન થાય છે કે કેમ એ વિશે તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. જો કે, પાલિકાનું કહેવું છે કે, ગત જાન્યુઆરીથી અત્યાર સુધીમાં એર ક્વોલિટી સંબંધી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરનારાઓને ૩૫૫૦ વર્ક સ્ટોપ નોટિસો પાઠવવામાં આવી છે. આ સાથે જ પવનની અસાધારણપણે ઓછી ગતિ તથા તાપમાનના ક્રમમાં ઊલટસૂલટને કારણે ઠંડી હવા હૂંફાળી હવાની નીચે અટવાઈ જાય છે, તેના કારણે રજકણો વિખેરાતા નથી. આવું સામાન્યપણે શિયાળો જામી જાય એ પછી થતું હોય છે, પણ આ વખતે શિયાળાનાં વહેલાં આગમનને કારણે હવાની ગુણવત્તા બગડી હોવાનું હવામાન ખાતાનું કહેવું છે. વિકાસ અને પ્રગતિનાં નામે સતત ચાલતાં કામો પર થોડી લગામ લાગશે તો મુંબઈની હવાનું પ્રદૂષણ ઓછું થશે, એવી આશા રાખીએ.

# પુતિનની ભારતયાત્રા

ત્રણ મહિના પહેલાં તિયાનજિનમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મૈત્રી જોઈ પશ્ચિમી દેશોના શાસકોના પેટમાં તેલ રેડાયું હતું. જો કે, છેલ્લા ત્રણ મહિનામાં સમીકરણોમાં થયેલા ફેરફારો અને પરિસ્થિતિમાં આવેલા તાનપલટાને કારણે આગામી દિવસોમાં પુતિનની ભારત મુલાકાત દરમિયાન મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેની હૂંફ અને મિત્રાચારમાં વધારા-ઘટાડા પર વિશ્વની નજર રહેશે. હાલ ભારત-અમેરિકા વેપાર સોદાની વાટાઘાટો અંતિમ તબક્કામાં છે, જેમાં ટ્રમ્પે ફટકારેલા તાતિંગ ટેરિફમાં રાહતની આશા છે, તો બીજી તરફ યુરોપિયન યુનિયન સાથેના ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટને પણ અંતિમ સ્વરૂપ આપવાની શક્યતા છે. આવામાં પુતિનની મુલાકાત ભારત માટે સંતુલન જાળવવાની ક્વાયત સાથે સંબંધોમાં સંવર્ધન અને વિશ્વ માટે શાંતિની અપેક્ષાસભર રહેશે. પુતિનની આગામી મુલાકાત ભારત અને રશિયાને દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવાની, વિશિષ્ટ અને વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાનો દૃષ્ટિકોણ તથા સહિયારાં હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ વિશે અભિપ્રાયોની આપ-લે માટેની તક પૂરી પાડશે, આ શબ્દોમાં ભારતે આ મુલાકાતને વર્ણવી છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ પુતિનની આ પહેલી ભારત મુલાકાતમાં અનેક મહત્ત્વના કરારો પર હસ્તાક્ષર થવાના છે અને બંને દેશ વચ્ચે દાયકાઓના સહકારને આગળ વધારતી વાટાઘાટો થશે. હજી હમણા સુધી ભારત રશિયન ક્રૂડ તેલના સૌથી મોટા ખરીદદારોમાંથી એક હતું અને દાયકાઓથી રશિયન બનાવટનાં શસ્ત્રો આપણી સેનાઓનું બળ વધારતાં રહ્યાં છે. જો કે, છેલ્લા એક દાયકામાં ભારતે ૩૦ બિલિયન ડોલરની અમેરિકન બનાવટની સંરક્ષણ સામગ્રી ખરીદી છે અને હવે આ ક્ષેત્રે આત્મનિર્ભરતા પર દૃષ્ટિ છે. હાલમાં જ ઓપરેશન સિંદૂર દરમિયાન અસરદાર સાબિત થયેલી એસ-૪૦૦ સરફેસ-ટુ-એર મિસાઈલ

સિસ્ટમનો વધારાનો જથ્થો મેળવવા ભારત આતુર છે, પણ તેમાં થઈ રહેલા વિલંબ અને અન્ય સંરક્ષણ સામગ્રીનો અટકી પડેલો પ્રવાહ ફરી શરૂ કરવા અંગે આ મુલાકાત દરમિયાન ચર્ચા અને નિરાકરણ આવે એવી આશા છે. યુક્રેન સાથેનું યુદ્ધ અટકાવવા માટે વિશ્વના બધા જ ટોચના નેતાઓએ પુતિનને વિનંતી કરી છે અને વડાપ્રધાન મોદી પણ યુદ્ધના અંતના હિમાયતી છે, પણ ધાર્યું કરવા જાણીતા પુતિને કોઈને આ બાબતમાં કાઠું આપ્યું નથી. છેલ્લે પુતિન ડિસેમ્બર, ૨૦૨૧માં ભારતની મુલાકાતે આવ્યા હતા અને એ પછી યુક્રેન સાથેનાં યુદ્ધનું મંડાણ થયું હતું. હવે આ વખતની મુલાકાત બાદ આ યુદ્ધનો અંત આવે એવી આશા સેવાય છે, એમાં ભારતની કોઈ ભૂમિકા હશે તો એ મોદી અને ભારતની બહુ મોટી ઉપલબ્ધિ હશે.

**થોડાંક વરસો પહેલાં આ સ્ટેડિયમ તોડીને નવું સ્ટેડિયમ બનાવાયું ને તેનું નામ બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરી દેવાયું.**

# નહેરુ ખરેખર બાબરી મસ્જિદ બાંધવા માગતા હતા?

ભાજપ હમણાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યો છે ને તેના ભાગરૂપે ગુજરાતમાં એકતા માર્ચ કાઢી છે. એકતા માર્ચમાં ભાગ લેવા માટે ગુજરાત પધારેલા કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે એક ચોંકાવનારો દાવો કરી નાખ્યો. રાજનાથસિંહના કહેવા પ્રમાણે, જવાહરલાલ નહેરુ સરકારી ખર્ચે અયોધ્યામાં બાબરી મસ્જિદ બંધાવવા માગતા હતા પણ સરદાર વલ્લભભાઈ પટેલે ઉગ્ર વિરોધ કર્યો એટલે નહેરુની મનની મનમાં રહી ગઈ, બાકી કૉંગ્રેસ શાસનમાં જ જ્યાં અત્યારે ભવ્ય રામમંદિર ઉભું છે ત્યાં બાબરી મસ્જિદ ઉભી થઈ ગઈ હોત.

રાજનાથના કહેવા પ્રમાણે, નહેરુએ સોમનાથના મહાદેવના મંદિરના જીર્ણોધ્ધાર માટે સરકારી નાણાંનો ઉપયોગ થઈ રહ્યો હોવાનો મુદ્દો પણ ઉઠાવેલો પણ સરદાર પટેલે નહેરુની એમ કહીને બોલતી બંધ કરી દીધેલી કે, સોમનાથ મંદિરના નિર્માણ માટેના ૩૦ લાખ રૂપિયા લોકોના દાનમાંથી આવ્યા છે, સરકારી તિજોરીમાંથી નહીં.

રાજનાથનું નિવેદન ભાજપના નેતા નરાતર જૂઠાણાં ફેલાવીને લોકોના માનસમાં ઝેર ભરવામાં કેવા પાવરધા છે તેનો વધુ એક નાદાર નમૂનો છે. નહેરુ સરકારી ખર્ચે બાબરી મસ્જિદ બનાવવા માગતા હતા ને સરદારે તેનો વિરોધ કર્યો તેનો કોઈ રેકોર્ડ જ નથી. બલ્કે નહેરુના કારણે જ આ મુદ્દો કોર્ટમાં ગયો અને કોર્ટે જ હિંદુઓને રામમંદિર સંકુલ આપ્યું. ૧૯૪૯માં સંકુલમાંથી ભગવાન રામની મૂર્તિઓ મળી પછી ફૈઝાબાદના કલેક્ટર કે.કે. નાયરને નહેરુએ યથાવત સ્થિતિ જાળવી રાખવા કહેલું.

નાયરે ધાર્મિક લાગણીઓ ભડકે અને તોફાનો ના થાય એ માટે આ મુદ્દો કોર્ટને સોંપવા કહેલું. નહેરુએ આ વાત સ્વીકારી અને મામલો કોર્ટમાં ગયો. ભગવાન રામ સહિતની મૂર્તિઓની આગળ જાળી લગાવીને તેનું રક્ષણ કરવાનું નાયરનું સૂચન પણ નહેરુએ સ્વીકારેલું. આ સત્તાવાર રેકોર્ડ પરની વાત છે, ભાજપના નેતાઓ દ્વારા કહેવાતો મૌખિક ઈતિહાસ નથી. સરદાર પટેલ બહુ મોટા હતા, મહાન હતા પણ તેમને મહાન બતાવવા માટે નહેરૂને નીચા બતાવવાની ગંદી રમત ભાજપ રમી રહ્યો છે એ આઘાતજનક છે.

રાજનાથસિંહે એમ પણ કહ્યું કે, નરેન્દ્ર મોદી અને ભાજપે સરદાર પટેલને યોગ્ય સન્માન આપ્યું છે. મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી બનાવીને સરદાર પટેલ તરફ આદર બતાવ્યો. રાજનાથે હુંકાર પણ કર્યો કે, ભાજપ છે ત્યાં સુધી સરદાર પટેલનું નામ ભૂંસવાના પ્રયત્નો સફળ નહીં થાય.

રાજનાથસિંહની વાત હાસ્યાસ્પદ છે. ભાજપ સરદાર પટેલની વાતો કરે છે અને કૉંગ્રેસે સરદાર પટેલને અવગણે એ વાત પણ સો ટકા સાચી છે પણ ભાજપ કે મોદીને સરદાર પટેલ તરફ અપાર આદર છે એ વાત ખોટી છે. ભાજપનો સરદાર પટેલ માટેનો પ્રેમ રાજકીય સ્વાર્થવશ છે અને મોદીએ પણ કૉંગ્રેસની જેમ પોતાનું નામ મોટું કરવાના સ્વાર્થમાં સરદાર પટેલનું નામ ભૂંસ્યું જ છે. અમદાવાદમાં ઊભેલું વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તેનો આખી દુનિયાને દેખાય એવો નમૂનો છે.

મોટેરામાં આવેલું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ૧૯૮૦ના દાયકામાં બંધાયું ત્યારે તેનું નામ ગુજરાત સ્ટેડિયમ હતું. પછી દેશની એકતાના શિલ્પી ને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલના નામ પરથી તેનું નામ સરદાર પટેલ ગુજરાત સ્ટેડિયમ કરાયેલું, અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ છે જ કે જ્યાં ૧૯૮૨માં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે વન ડે મેચ રમાયેલી. આ બંને સ્ટેડિયમનાં નામોમાં ગૂંચવાડો ના થાય એટલે નવા સ્ટેડિયમનું નામ સરદાર પટેલ ગુજરાત સ્ટેડિયમ રખાયું હતું.

થોડાંક વરસો પહેલાં આ સ્ટેડિયમ તોડીને નવું સ્ટેડિયમ બનાવાયું ને તેનું નામ બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરી દેવાયું. મતલબ કે, સરદાર પટેલનું નામ ભૂંસીને તેના સ્થાને નરેન્દ્ર મોદીના નામની તકતી લગાવી દેવાઈ. ભાજપ અને મોદીએ આ હરકત દ્વારા સરદાર પટેલ તરફ કેવો આદર બતાવ્યો એ રામ જાણે પણ આ હરકત કૉંગ્રેસની હરકતોથી કોઈ રીતે અલગ નથી.

ભાજપે ભૂતકાળમાં પણ આવું અપકૃત્ય કર્યું જ છે. ૧૯૯૦ના દાયકામાં ભાજપના નેતાઓએ અમદાવાદ એરપોર્ટને સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આપવા સામે વિરોધ કરેલો. શંકરસિંહ વાઘેલા એ વખતે મુખ્યમંત્રી હતા ને દેવ ગૌડા વડા પ્રધાન હતા. શંકરસિંહ સરકારે અમદાવાદ એરપોર્ટને સરદાર વલ્લભભાઈ પટેલનું નામ આપવાની દરખાસ્ત મૂકી તેને દેવ ગૌડાએ મંજૂર કરી નાખી હતી.જપે તેનો ઉગ્ર વિરોધ કરેલો. ગુજરાતનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિતની ભાજપની મહિલા નેતાઓ બ્લાઉઝમાં છુપાવીને કાળા વાવટા લઈને એરપોર્ટ પહોંચેલી ને ગૌડા સામે વિરોધ કરેલો કેમ કે ભાજપ અમદાવાદ એરપોર્ટનું નામ તેના પૂર્વાવતાર જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીના નામ પરથી આપવા માગતો હતો.આ બંને બહુ જાણીતી ઘટનાઓ છે ને તેના પરથી જ ભાજપને ખરેખર સરદાર પટેલ તરફ કેવો ને કેટલો આદર છે તેની ખબર પડી જાય. મોદીએ નામના મોહમાં સરદાર પટેલનું નામ ભૂંસી નાખ્યું એ નજર સામે છે એ જોતાં સરદાર પટેલને ભાજપે યોગ્ય સન્માન આપ્યું એ વાત માની ના શકાય. કૉંગ્રેસે સરદાર પટેલના યોગદાનને અવગણીને એ મોટા ના થાય એવા કારસા કર્યા હોવાના આક્ષેપો ભાજપ એકાદ દાયકાથી કર્યા કરે છે. સરદાર પટેલના યોગદાનને ભાજપે લોકો સુધી પહોંચાડ્યું એવો દાવો પણ ભાજપ કરે છે.આ બંને વાત સાચી છે પણ સામે સરદાર પટેલના નામનો ભાજપે વિરોધ કરેલો ને સ્ટેડિયમમાંથી તો સરદાર પટેલનું નામ જ ભૂંસી નખાયું એ વાત પણ સાચી છે. સ્ટેડિયમની બાજુમાં આવેલા સ્પોર્ટ્સ સંકુલનું નામ હજુ સરદારના નામે છે પણ વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ સાથે જોડાયેલું સરદાર પટેલનું નામ ભૂંસી દેવાયું એ સરદાર પટેલના ચાહકોનો આત્મા કકળી ઊઠે એવી વાત છે. સ્ટેડિયમને સરદાર પટેલનું નામ ભાજપે નહોતું આપ્યું પણ ભાજપે ભૂંસી ચોક્કસ નાખ્યું. તેના પરથી જ ભાજપનો સરદાર પ્રેમ સમજી જાઓ.ભાજપે રાજકીય સ્વાર્થ ખાતર તો રાજકીય સ્વાર્થ ખાતર પણ સરદારને ફરી યાદ કર્યા ને તેમના યોગદાનને લોકો સુધી પહોંચાડવાની કોશિશ કરીને તેમનું નામ ફરી રમતું કર્યું તેની પણ નોંધ લેવી જ જોઈએ. બાકી કૉંગ્રેસે સરદાર પટેલનું નામોનિશાન ભૂંસાવી દેવા બનતું બધું જ કરેલું. કૉંગ્રેસ નહેરુ-ગાંધી ખાનદાનની બાપીકી પેઢી બની ગઈ પછી બધા નેતાઓને હાંસિયામાં ધકેલીને ખાનદાનનું મહિમાગાન થયું. સરદાર પટેલ પણ તેમાંથી એક તા તેથી કૉંગ્રેસનું પાપ મોટું છે. આ કારણે ભાજપે સરકાર પટેલ તરફ બતાવેલા અનાદરની બે-ચાર ઘટનાઓને યાદ નથી રાખતા. સામાન્ય લોકોનું ઈતિહાસનું જ્ઞાન મર્યાદિત હોય છે અને યાદદાસ્ત પણ ટૂંકી હોય છે તેથી પણ આ બધી વાતો ભૂલાઈ ગઈ છે.

**માત્ર શારીરિક ભૌતિક જ નહિ, આધ્યાત્મિક વિકાસ માટે પણ પ્રાણાયામની ક્રિયા મહત્ત્વની**

# પ્રાણાયામ અને આધુનિક વિજ્ઞાન

ભારતીય સંસ્કૃતિના રીતરિવાજો, તહેવારો કે ક્રિયાઓમાં રહેલા સિદ્ધાંતો હવે આધુનિક વિજ્ઞાન દ્વારા પણ લાભદાયી પુરવાર થતા જાય છે અને ભવિષ્યમાં પણ પુરવાર થતા રહે તો આશ્ચર્ય નહિ ગણાય. પ્રાણાયામ હજુ થોડા દાયકાઓ પૂર્વે માત્ર સાધુ સંતો પૂરતો મર્યાદિત હતો, પરંતુ આજે આમ જનતા સુધી પહોંચ્યો છે.

માત્ર આપણા દેશની પ્રજા જ નહિ, પરંતુ વિદેશીઓ પણ પ્રાણાયામથી શારિરીક અને માનસિક આરોગ્ય પર સારી અસર થાય છે એમ માને છે. પોતાને સુધારાવાદી કહેવડાવતા ભારતીયો હજી પણ ભારતીય પદ્ધતિઓ સામે સૂગ ધરાવતા હોય છે. તેઓ કહે છે કે શીતલી કે શીતકારી પ્રાણાયામમાં મોં વડે શ્વાસ લેવાની ક્રિયા થાય જ્યારે આજનું વિજ્ઞાન મોં વડે શ્વાસ લેવાની ના પાડે છે.

કારણકે નાક જેવી ગળણી મોંમાં હોતી નથી એટલે વાયુઓના ખેંચવા સાથે બેક્ટેરિયા કે વિષાણુઓ પણ શરીરમાં જાય છે. આનો પ્રત્યુત્તર આપતાં પ્રખ્યાત ફૂડ ન્યૂટ્રિશનિસ્ટ, ડાયાબિટીસ નિષ્ણાત અને પ્રાણાયામ અભ્યાસી કુમારી રૂપલ પુરોહિત જણાવે છે કે પ્રાણાયામ હંમેશાં બગીચા, મેદાન કે મકાનની અગાશી જેવાં ખુલ્લાં, સ્વચ્છ અને હાયજેનિક સ્થળોએ જ કરવાનો હોય છે.

કોઇ ગંદકીવાળી જગ્યા કે અસ્વચ્છ બંધ રૂમમાં નહિ અને શુદ્ધ વાતાવરણમાં કરેલા પ્રાણાયામમાં પણ જો ભૂલેચૂકે હાનિકારક બેક્ટેરિયા મોંમાં પ્રવેશે તો એટલા બેક્ટેરિયાને મારી હટાવવા જેટલી શક્તિ આપણા મોંની લાળના એન્ઝાઇમ્સમાં હોય જ છે.

રિડર્સ ડાયજેસ્ટ નામનું અંગ્રેજી અમેરિકન માસિક દુનિયાભરમાં લોકપ્રિયતા ધરાવે છે. તેમાં એક ડૉક્ટરે લખેલા પ્રાણાયામના લેખમાં જણાવ્યું હતું કે જ્યારે કોઇ વસ્તુ આપણને મળવામાં વાર લાગે ત્યારે આપણી અધીરાઇ અને વિહ્વળતા વધી જાય છે. આ જ રીતે પ્રાણાયામ જે શ્વાસને રોકી રાખવાની ક્રિયા છે તેનાથી હૃદયની ધમનીઓ ઘણી બેચેન બની જાય છે અને જેમ કોઇ ભૂખ્યું પ્રાણી ભોજન ગ્રહણ કરવા મોં પહોળું કરે છે તેમ આ ધમનીઓ પ્રાણવાયુ ગ્રહણ કરવા પહોળી થાય છે. જેમ બે આંગળી વચ્ચે પકડેલી બૉલપેન આંગળીઓ જરાક પહોળી થતા સરકીને નીચે પડી જાય છે એ જ રીતે ધમનીની દીવાલો પહોળી થતાં તેમાં જામેલી ચરબીરૂપી કચરો સરકી જાય છે. ધમનીઓ સાફ થાય છે એને લીધે હૃદય અને ફેફસાંને વધુ બળ મળે છે અને હૃદયરોગનો ખતરો ટાળી શકાય છે.

પ્રાણાયામ માત્ર હૃદય અને ફેફસાંના જ નહિ, પેટના રોગો મટાડવામાં પણ સહાયભૂત થાય છે. પ્રાણવાયુ દરેક વસ્તુને બાળવામાં



મદદ કરે છે એ તો આધુનિક વિજ્ઞાને પણ શોધ્યું છે. જે છ-સાત ચોપડીઓ ભણ્યા હશે તેમને પણ એટલી ખબર હશે જ કે મીણબત્તીને સળગતી રાખવામાં પ્રાણવાયુનો ફાળો હોય છે. જો તેની પર કાચનો પ્યાલો. ઢાંકી દઇએ તો પ્રાણવાયુના અભાવમાં તે ઓલવાઇ જાય છે હવે આ જ વસ્તુ યોગ-કુંડલી ઉપનિષદમાં પણ જણાવવામાં આવી છે. કે પ્રાણાયામ દ્વારા લીધેલો ઊંડા શ્વાસ પ્રાણવાયુને જઠરાગ્નિ સુધી પહોંચાડે છે અને તે જઠરાગ્નિને વધુ પ્રજ્વલિત કરે છે.

આયુર્વેદ પણ કહે છે કે જેમનો જઠરાગ્નિ બરાબર પ્રજ્વલિત હોય એટલે કે જેમને ભૂખ બરાબર લાગે છે તે નીરોગી વ્યક્તિ છે. જ્યારે ભૂખ બરાબર લાગતી નથી કે જે વ્યક્તિના શરીરમાં અન્ન પાચન યોગ્ય રીતે થતું નથી તે શરીરમાં બીમારીના મૂળ રોપે છે પ્રાણવાયુની આ બળવામાં મદદ કરવાની સેવાને બિરદાવતા ફૂડ ન્યૂટ્રિશનિસ્ટ કુમારી રૂપલ વધુમાં જણાવે છે કે આ પ્રાણવાયુ તમારી વધુ પડતી કેલરીને બાળવામાં પણ મદદ કરે છે અને તમને સુડોળ અને ચુસ્ત રાખે છે.

જે કામ દવા નથી કરી શક્તી તે કામ હવા કરી શકે છે એ હવે વિવિધ રીતે પુરવાર થતું જાય છે. વાયુ અતિ ચંચળ, ઝડપી અને સાંકડામાં સાંકડી જગ્યાએ પહોંચી શકે છે. અનેક કારખાનામાં મશીનના મોટા કે નાના સ્પેરપાર્ટ્સ સારી રીતે સાફ કરવા એર કૉમ્પ્રેસર્સ વપરાય છે. માત્ર કારખાનામાં જ શું કામ તમે ઘરે જે સાફસફાઇ માટે વૅક્યુમ ક્લિનર વાપરો છો તે પણ આ જ સિદ્ધાંતથી ચાલે જે જે કેલક્યુલેટરથી માંડી ઘરની દરેક ચીજવસ્તુઓ ગણતરીની પળોમાં સાફસુથરી કરી દે છે. આ જ રીતે પ્રાણાયામમાં હવાના યોગ્ય રોકાણથી અને યોગ્ય દબાણથી પૂરા શરીરમાં પ્રાણવાયુ પહોંચી દરેકેદરેક કોષોની અશુદ્ધિને સાફ કરી નાખે છે. સામાન્ય સ્થિતિમાં રહેતા શ્વાસોચ્છ્વાસમાં આ ક્રિયા ખૂબ ધીમી હોય છે, જે પ્રાણાયમના નિત્ય અભ્યાસથી ઝડપી અને સરસ રીતે થાય છે.

માત્ર શારીરિક ભૌતિક જ નહિ, આધ્યાત્મિક વિકાસ માટે પણ પ્રાણાયામની ક્રિયા મહત્ત્વની છે. પ્રાણાયમથી વિરાટ જથ્થો જઠારાગ્નિને મળે છે તેથી તેની આસપાસ રહેલા વાયુઓ પણ ગરમ થાય છે અને આવા ગરમ વાતાવરણમાં કુંડલીની નાડી અને ચક્રો તપી જઇને જાગૃત બને છે. જેમ શેરીમાં કોઇ કૂતરું ઠંડીના દિવસોમાં ટૂંટિયું વાળીને પડ્યું હોય તેમ આપણા શરીરમાં કુંડળીની નાડી સાપની જેમ ગૂંચળું વાળીને પડી હોય છે, પરંતુ નિત્ય કરાતાં પ્રાણાયમને કારણે તપી જઇને તે સિદ્ધિ અને ટટ્ટાર બને છે, ત્યારે શક્તિના ધોધ સાથે મૂલાધાર

ચક્રથી લઇ દરેક ચક્રને વીંધતી સહસ્ત્રાર ચક્ર સુધી ઉપર ચઢે છે, જે અત્યાર સુધી કાર્યરત ન થયેલા એટલે કે સુષુપ્ત રહેલા વિવિધ ભાગના કોષો સહિત મગજના સર્વ કોષો કાર્યશીલ બનાવે છે. તેથી સાધકનું શરીર અને મગજ ૯૦ ટકાથી પણ વધુ ઉપયોગ કરવા શક્તિમાન બને છે.

આધુનિક વિજ્ઞાન કહે છે કે સામાન્ય મનુષ્ય મગજનો માત્ર પાંચ ટકાથી સાત ટકા જ ઉપયોગ કરે છે. બુદ્ધિશાળી અને મહાનમાં મહાન જ્ઞાની ગણાતા લોકો પણ માંડ ૧૦ ટકાથી ૧૨ ટકા જેટલા મગજનો ઉપયોગ કરતા હોય છે, પરંતુ હવે જો માણસ ૯૦ ટકા મગજનો ઉપયોગ કરતો થાય તો તે કેવો બને અને કેટલી શક્તિઓ પ્રાપ્ત કરે તેની કલ્પના જ કરવી રહી. શાસ્ત્રોમાં તો લખ્યું છે કે આવો સાધક સર્વજ્ઞ અને સર્વ સિદ્ધિઓને હસ્તગત કરનારો બને છે. તે શરીર અને

બ્રહ્માંડની સર્વ બાબત જાણનારો થાય છે. તે આત્માની પૂર્ણ ઓળખ સાથે પરમ પરમેશ્વર જગતપિતાથી પણ સુપરિચિત થઇ જાય છે. તે પરમ આનંદ અને શાંતિની અનુભૂતિમાં જ કાર્યરત બની રહેનારો હોય છે. તેમજ પૂરા જગતના કલ્યાણાર્થે જ

કાર્યરત બની રહેનારો હોય છે. ટૂંકમાં એમ જ કહો ને કે આજનો કલ્પેલા હિ-મૅન કે સુપરમૅન જેવો જ મનુષ્ય બની જાય આધ્યત્મિક વાત બાજુ પર મૂકી દઇ માત્ર શારીરિક અને માનસિક ફાયદા થાય છે. એ ધ્યાનમાં રાખીને પણ વિદ્યાર્થીઓને પ્રાણાયામ શાળા જીવનથી જ શીખવવાની જરૂર છે.

આ પ્રાણાયામ વાયુ આધારિત ચિકિત્સા જ છે. એને કોઇ સરહદ કે કોઇ ધર્મના સીમાડા નડતા નથી. પણ આપણી ધર્મનિરપેક્ષ સરકાર તેને હિન્દુ મીથ(ભારતીય દંતકથા) ગણીને નજરઅંદાજ કરે છે અને રોગોને દૂર કરવાની પરદેશથી આયાત થયેલી પદ્ધતિઓમાં કરોડો રૂપિયા ખર્ચે છે. ઇ.સ. ૧૯૪૭માં આપણે માત્ર કાગળ પર જ આઝાદ થયા છીએ. બાકી આપણી માનસિક ગુલામી તો હજી પણ ચાલુ જ રહી છે.

**મને કહો, મારે મારા ઇમેઇલમાં શું લખવું જોઇએ?**

# સરકારી કચેરીઓમાં કામનો હિસાબ, આ શું ગડબડ છે?

## સૌથી વધુ સ્પષ્ટ નિવેદન એક અગ્રણી નેતા તરફથી આવ્યું, જાતિ વસ્તી ગણતરી કરો! તે બધી સમસ્યાઓનો ઉકેલ છે

રોજની જેમ, ગઈકાલે પણ અડધી ઓફિસ ચાની દુકાન પર હતી, અને બાકીની અડધી પાંચ વાગ્યાની રાહ જોઈને ખુરશીઓમાં સૂઈ રહી હતી. એટલામાં જ એક પટાવાળો અંદર આવ્યો અને નોટિસ બોર્ડ પર કાગળ ચોંટાડવાનું શરૂ કર્યું. આથિયા બાબુએ તે જોયું અને પૂછ્યું, "તમે શું ચોંટાડી રહ્યા છો, હરિરામ?"

હરિરામે જવાબ આપ્યો, "ડીએમએ મને કાગળ આપ્યો. તેમણે કહ્યું, 'કૃપા કરીને જાઓ,' તેથી મેં તે ચોંટાડ્યું. તમારે જે કંઈ છે તે વાંચવું જોઈએ." આથિયા બાબુએ કહ્યું, "મેં તમને કેટલી વાર કહ્યું છે કે તે વાંચો, જો પેસ્ટ કરતા પહેલા નહીં, તો પછી. મને કહો કે શું લખ્યું છે?" તેમણે ચીડાઈને કહ્યું, "મારે બીજું કામ કરવાનું છે."

આથિયા બાબુએ ઉઠીને તપાસ કરવી પડી. આદેશ હતો, "દરેક સરકારી કર્મચારીએ સોમવાર બપોર સુધીમાં અમને ઈમેઈલ કરીને આ અઠવાડિયે શું કર્યું છે તેની જાણ કરવી જોઈએ. જે કોઈ નહીં કરે તેના પર કાર્યવાહી કરવામાં આવશે."

થોડીવારમાં જ, આ સમાચાર જંગલની આગની જેમ ફેલાઈ ગયા. ઓર્ડરની નકલો દરેક મોબાઈલ ફોન સુધી પહોંચી ગઈ. બાબુ રામલાલ ખુરશી પર બેઠા હતા અને ચા પી રહ્યા હતા. મિશ્રાજીએ તેમને ટોણો માર્યો, "રામલાલ જી, એવું લાગે છે કે ટ્રમ્પનો આદેશ અહીં પણ લાગુ થઈ રહ્યો છે, જેમ અમેરિકામાં."

મને કહો, મારે મારા ઈમેઈલમાં શું લખવું જોઈએ? તમે આ અઠવાડિયે શું કર્યું?" રામલાલે કહ્યું, "પહેલા, મને કહો કે તમે ઈમેઈલમાં કેવી રીતે લખો છો?" અથિયાજીએ હરિરામને કોમ્પ્યુટર રૂમમાંથી દોડીને મૌર્યને લેવા કહ્યું. હરિરામ થોડી વાર હાંફતા હાંફતા પાછા આવ્યા અને કહ્યું, "મને મૌર્ય મળ્યો નથી."



રામલાલે ગુસ્સામાં કહ્યું, "કોઈને કામ કરવાનું નથી. મને કહો, તે ચાર વાગ્યે ગયો." અથિયાજીએ કહ્યું, "તે ક્યાંક ગયો હશે. થોડી વારમાં મળીશું." વર્માજીએ પોતાના ચશ્મા ઉંચા કર્યા અને ધીમા અવાજે કહ્યું, "રામલાલ જી, કોઈને ઈમેઈલ લખવા માટે બોલાવો. આ મુશ્કેલ કામ નથી. આ અઠવાડિયે તમે શું કર્યું તેનો રિપોર્ટ મોકલો."

અથિયાએ કહ્યું, "તો પછી તમે અમને શીખવો." "અમે તે શીખવી શકતા નથી. અમને પણ તે સારી રીતે ખબર નથી. બીજા કોઈની મદદ લો." રામલાલજીએ ઊંડા અવાજે કહ્યું, "જુઓ, અમે કોઈક રીતે ઈમેઈલ મોકલીશું, પરંતુ અમારો પ્રશ્ન એ છે કે, શું સરકારી કચેરીઓમાં આ પૂછવું યોગ્ય છે?

શું આ પણ એક પ્રશ્ન છે, 'તમે ગયા અઠવાડિયે શું કર્યું?'" અથિયાજીએ જવાબ આપ્યો, "જુઓ, સરકારી કામ ધીમે ધીમે અને આરામથી કરવામાં આવે છે. તેને માછીમારી જેવું વિચારો: જાળી નાખવામાં આવે છે, પછી રાહ જોવાની હોય છે." રામલાલજીએ ગંભીર સ્વરમાં કહ્યું, "સરકારી કચેરીમાં ગયા અઠવાડિયાના કામનો રેકોર્ડ રાખવાનો કોઈ ખ્યાલ નથી, કારણ કે જે કરવામાં આવ્યું છે તે થઈ ગયું છે."

સાંજ સુધીમાં, આ આદેશથી બધી કચેરીઓમાં ખળભળાટ મચી ગયો હતો. જવાબમાં, સરકારી કર્મચારી સંઘે એક કટોકટી બેઠક બોલાવી અને જાહેર કર્યું, "સરમુખત્યારશાહી સહન કરવામાં આવશે નહીં. જ્યાં સુધી સાપ્તાહિક કાર્ય આદેશ પાછો ખેંચવામાં ન આવે ત્યાં સુધી હડતાળ રહેશે. ભારત બંધ રહેશે. રસ્તા રોકો કરવામાં આવશે."

વિપક્ષે આ સમાચાર સાંભળતાં જ, નિવેદનોનો વરસાદ શરૂ થઈ ગયો, "આ સરકારી કર્મચારીઓનું ઉત્પીડન છે!" "આ આદેશ બંધારણની વિરુદ્ધ છે!" "આ જાતિવાદ છે! આ આદેશ ચોક્કસ જાતિના કર્મચારીઓને નિશાન બનાવવા માટે રજૂ કરવામાં આવ્યો છે!" "આ એક મહિલા વિરોધી અને જન વિરોધી આદેશ છે. જનતા આનો જવાબ આપશે."

સૌથી વધુ સ્પષ્ટ નિવેદન એક અગ્રણી નેતા તરફથી આવ્યું, "જાતિ વસ્તી ગણતરી કરો! તે બધી સમસ્યાઓનો ઉકેલ છે." કેટલાક મીડિયા આઉટલેટ્સે તેને "નોકરીઓનો દ્વઈઝ" ગણાવ્યો, જેમાં કહ્યું, "જેની પાસે કામનો પુરાવો નથી તેઓ જોખમમાં છે!" સરકારી કચેરીઓમાં બેનરો લાગ્યા, "કર્મચારીઓને જાગો, ઈમેઈલ કાઢી નાખો!" "ખુરશી અમારી છે, નિયમો કામ કરશે નહીં!"

ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટતા કરીને પરિસ્થિતિને સંભાળવાનો પ્રયાસ કર્યો, "અમે સુધારા માટે આ આદેશ જારી કર્યો હતો, પરંતુ એવું લાગે છે કે અમે કર્મચારીઓને સમજાવવામાં નિષ્ફળ ગયા છીએ. જો તેનાથી અસંતોષ હોય, તો આ આદેશ પાછો ખેંચી લેવામાં આવશે!" આ નિવેદન જોઈને, આથિયા બાબુ હસીને બોલ્યા, "હવે જો કોઈ ફરીથી પૂછે કે અમે ગયા અઠવાડિયે શું કર્યું?" જવાબ હશે, 'અમે ભારત બંધનું એલાન આપ્યું હતું.'



# કુલી ફિલ્મ બાદ રજનીકાંતની વધુ એક ફિલ્મમાં ખાનની એન્ટ્રી, જાણો ઇન્ડસ્ટ્રીનો કયો ખાન કરશે કેમિયો



**રજનીકાંતની 'કુલી' ફિલ્મમાં આમીરખાને કેમિયા કર્યો હતો. ત્યારે ફરી એક વખત રજનીકાંતની ફિલ્મમાં વધુ બોલીવુડના વધુ એક ખાને એન્ટ્રી કરી છે**

બોક્સ ઓફિસ પર અત્યારે ધનુષ અને ક્રિતી સેનની ફિલ્મ 'તેરે ઇશ્ક મેં' ધૂમ મચાવી રહી છે. બોક્સ ઓફિસ પર ફ્રેશ સ્ટાર્સ અને યુવાન કલાકારોની ફિલ્મો જોરદાર હિટ થઈ રહી છે. ત્યારે અમિતાભ અને રજનીકાંત જેવા દિગ્ગજ કલાકારોની ફિલ્મો આજે પણ કરિશ્મા કરી રહી છે. આજે પણ આ બંને સ્ટાર્સ તેમની આગવી સ્ટાઈલના કારણે દર્શકોમાં લોકપ્રિય છે. રજનીકાંતની "થલાઈવા" અને, 'કુલી' 'જેલર ૧' એ જોરદાર કમાણી કરી. 'કુલી' ફિલ્મમાં આમીરખાને કેમિયા કર્યો હતો. ત્યારે ફરી એક વખત રજનીકાંતની ફિલ્મમાં વધુ એક ખાને એન્ટ્રી કરી છે.

રજનીકાંતની ફિલ્મમાં ફરી એક વખત ખાન

રજનીકાંતની "કૂલી" ફિલ્મમાં આમિર ખાનનો કેમિયો હતો. અભિનેતાએ ફિલ્મના ક્લાઈમેક્સ સમયે ફિલ્મમાં પ્રવેશ કર્યો હતો. જો કે વિવેચકોએ કહ્યું કે આમીરખાનના કેમિયો કરવાની કોઈ વધુ અસર થઈ નથી. ફિલ્મ રજનીકાંતના લીધે ચાલી છે. આમીરખાન બાદ રજનીકાંત સાથે જેલર ૨માં શાહરૂખ ખાને એન્ટ્રી કરી હોવાની ચર્ચા છે. શાહરૂખ ખાન જેલર ૨માં કેમિયો કરશે તેને લઈને અત્યારે ઈન્ટરટેઈમેન્ટના અફવા બજાર ગરમ છે. આમીરખાન કોઈ કમાલ કરી શકયો નથી તો શું રજનીકાંત જેલર ૨ માં પણ એ જ ભૂલનું પુનરાવર્તન કરશે? આ સમાચારથી દર્શકોમાં આવી ચર્ચાએ જોર પકડયું છે.

**જેલરની સિક્વલમાં બોલીવુડ સુપરસ્ટાર**

તાજેતરના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે જેલરની સિક્વલમાં બોલીવુડ સુપરસ્ટારને કાસ્ટ કરવાની મેકર્સ યોજના બનાવી રહ્યા છે. હાલમાં સાઉથની અનેક ફિલ્મોના હિરો બોલીવુડમાં કામ કરી રહ્યા છે. તો બોલીવુડ હિરોની લોકપ્રિયતા લેવા તેમને સાઉથમાં અજમાવવાનો મેકર્સનો પ્લાન છે. જેલર ૨માં શાહરૂખ ખાનની એન્ટ્રીને લઈને નિર્માતાઓ દ્વારા કોઈ પુષ્ટિ આપવામાં આવી નથી. સામાન્ય રીતે સાઉથ હોય કે બોલીવુડ ફિલ્મમાં કેમિયા અંગે અગાઉથી જાહેરાત કરાતી નથી. દર્શકો આટે આ એક સરપ્રાઈઝ પેકેજ હોય છે.

**શાહરૂખ ખાનની ફિલ્મને લઈને ફેન્સમાં ઉત્સુકતા**

શાહરૂખ ખાનના વર્કફ્રન્ટની વાત કરીએ તો તેની આગામી ફિલ્મ, કિંગના કામમાં વ્યસ્ત છે. આવતા વર્ષે રિલીઝ થશે આ ફિલ્મ. અભિનેતાએ ફેન્સને પોતાના જન્મદિવસ પર કિંગનો પહેલો લુક આપી ફેન્સને ગિફ્ટ આપી હતી. આ તસવીરમાં દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, તેની પુત્રી સુહાના ખાન અને રાની મુખર્જી સહિત અન્ય કલાકારો પણ છે. રજનીકાંતની જેલર -૨ ફિલ્મમાં શાહરૂખ ખાનનો કેમિયો કમાલ કરશે કે કેમ તે ફિલ્મ રિલીઝ થયા બાદ જ દર્શકો જોઈ શકશે. શાહરૂખ ખાનની કિંગ ખાન અને રજનીકાંતની સાથેની ફિલ્મને લઈને ફેન્સમાં ઉત્સુકતા છે.

# ધર્મેન્દ્રની અસ્થિ ગંગામાં વિસર્જિત કર્યા બાદ, સની દેઓલ પાપારાઝી પર ગુસ્સે થયો

**બોલીવુડના હી-મેન ધર્મેન્દ્રની અસ્થિઓ હરિદ્વારના હર કી પૌરી ઘાટ પર વિસર્જન કરવામાં આવી હતી. સની દેઓલનો પાપારાઝી પર ગુસ્સો ઠાલવતો એક વીડિયો પણ સામે આવ્યો છે.**

ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બરના રોજ અવસાન થયું હતું. તેમણે ૮૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેમના નિધનથી તેમના પરિવારને ભારે આઘાત લાગ્યો. માત્ર તેમનો પરિવાર જ નહીં પરંતુ તેમના ફેન્સ પણ તેમના દુઃખને દૂર કરી શક્યા નથી. ૩ ડિસેમ્બરના રોજ, દિવંગત અભિનેતાની અસ્થિ હરિદ્વારમાં વિસર્જન કરવામાં આવી હતી. તેમની અસ્થિ હર કી પૌરીમાં વિસર્જન કરવામાં આવી હતી. વિસર્જન દરમિયાન ધર્મેન્દ્રનો પરિવાર હાજર હતો. તેમના પૌત્ર કરણ દેઓલે તેમની અસ્થિ વિસર્જન કરી હતી. આ દરમિયાન, અભિનેતા સની દેઓલનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે ગુસ્સો વ્યક્ત કરતો જોવા મળી રહ્યો છે.



એક રિપોર્ટ મુજબ, સની દેઓલના મેનેજર કહી રહ્યા છે કે કરણ દેઓલે ધાર્મિક વિધિઓ કરી અને પછી તેમના દાદાના અસ્થિ ગંગામાં વિસર્જન કર્યું. આ ઘટના ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯:૩૦ વાગ્યે બની હતી. ત્યારબાદ આખો પરિવાર પીલીભીત હોટલમાં પાછો ફર્યો અને હોટલની પાછળના ઘાટ પર સ્નાન કર્યું. કરણ પવન હંસ સ્મશાનગૃહમાંથી તેમના દાદા ધર્મેન્દ્રના અસ્થિ એકત્ર કરતો પણ જોવા મળ્યો હતો. જોકે, અહેવાલો સૂચવે છે કે અસ્થિ મૂળ મંગળવારે ગંગામાં વિસર્જન કરવાના હતા. જોકે, પરિવારનો એક સભ્ય ત્યાં ન પહોંચવાને કારણે બુધવારે વિસર્જન કરવાની ફરજ પડી હતી.

હરિદ્વારના સની દેઓલનો બીજો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જે હર કી પૌરીનો હોવાનું કહેવાય છે. તેમાં સની દેઓલ પાપારાઝી પર પ્રહાર કરતા જોઈ શકાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે ધર્મેન્દ્રના અસ્થિ વિસર્જન થઈ રહ્યા હતા, ત્યારે પાપારાઝી આવ્યા અને તે ક્ષણને કેદ કરવાનું શરૂ કર્યું. સની દેઓલે ગુસ્સામાં પાપારાઝીનો કેમેરો પકડી લીધો અને કહ્યું, તમે તમારી લાજ વેચી દીધી? શું તમને પૈસા જોઈએ છે? તમને કેટલા જોઈએ છે? લોકો આના પર ખૂબ જ પ્રતિક્રિયા આપી રહ્યા છે.

ધર્મેન્દ્રનું ૨૪ નવેમ્બરના રોજ અવસાન થયું. તેઓ લાંબા સમયથી બીમાર હતા. અભિનેતાએ ૮૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેમને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ હતી અને તેમને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે તેમને પછીથી રજા આપવામાં આવી હતી, પરંતુ તેઓ આખરે જીવનની લડાઈ હારી ગયા.

# કાર્તિક-અનન્યાની નવી ફિલ્મનું બજેટ રિવીલ, એક્ટરે વસૂલી કરોડોની ફી!

અનન્યા પાંડે અને કાર્તિક આર્યનની તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક છે. હવે, તેનું બજેટ જાહેર કરવામાં આવ્યું છે. કાર્તિક આર્યને તગડી ફી વસૂલી છે.

વર્ષની સૌથી મોટી રોમેન્ટિક કોમેડી ફિલ્મોમાંની એક, તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. કાર્તિક આર્યન અને અનન્યા પાંડે અભિનીત આ ફિલ્મે પહેલેથી જ નોંધપાત્ર બજેટ કમાઈ લીધું છે, અને ક્રિસમસ રિલીઝ સાથે, તે બોક્સ ઓફિસ પર સરળતાથી સફળ થવાની તૈયારીમાં છે! આ બધા વચ્ચે, ફિલ્મનું બજેટ પણ જાહેર કરવામાં આવ્યું છે.



તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરીનું બજેટ કેટલું છે?

સમીર વિદ્વાંસ દ્વારા દિગ્દર્શિત તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરીએ પહેલાથી જ દર્શકોમાં ભારે ઉત્તેજના જગાવી છે. ફિલ્મના કલાકારો એક શાનદાર વ્યાપારી વ્યૂહરચના છે જે બે મુખ્ય દર્શકોને આકર્ષવા માટે રચાયેલ છે,

આભાર - નિહારીકા રવિયા યુવાનો અને પરિવાર. ફિલ્મના બજેટ અંગે, એક રિપોર્ટ મુજબ પ્રોડક્શન્સ અને નમાહ પિક્ચર્સે ફિલ્મમાં ?૯૦ કરોડનું રોકાણ કર્યું છે.

શું આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ થશે?

કાર્તિક આર્યન અને અનન્યા પાંડે અભિનીત આ રોમેન્ટિક કોમેડી ફિલ્મ ક્રિસમસ અને નવા વર્ષની રજાઓના તહેવારના વાતાવરણને જોતાં ખૂબ જ સફળ થઈ શકે છે. વધુમાં, કાર્તિક અને અનન્યાની પાછલી ફિલ્મો, ભૂલ ભુલૈયા ૩ અને કેસરી ચેપ્ટર ૨ ના બોક્સ ઓફિસ પ્રદર્શનને ધ્યાનમાં લેતા, આ જોડીની આગામી ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર હિટ થવાની અપેક્ષા છે.

'તુ મેરી મેં તેરા, મેં તેરા તુ મેરી' ૯૦ કરોડમાં બની

એક રિપોર્ટ મુજબ, કાર્તિક આર્યનને ફિલ્મ માટે તેની ફી તરીકે ?૫૦ કરોડ મળ્યા હતા. આનો અર્થ એ થયો કે કાર્તિકે બજેટના અડધાથી વધુ ખર્ચ કર્યો હતો. જોકે, નિર્માતાઓ કે અભિનેતાએ હજુ સુધી બજેટ કે ફી અંગે કોઈ સત્તાવાર નિવેદન જારી કર્યું નથી.

'તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી' ક્યારે રિલીઝ થશે?

તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી ફક્ત વર્ષના અંતે એક સારી મનોરંજન ફિલ્મ નથી, તે એક એવી હિટ ફિલ્મ બનવાનું આયોજન અને સ્થાન ધરાવે છે જે રોમાંસ અને રોમેન્ટિક કોમેડી માટે બોક્સ ઓફિસ ટ્રેન્ડને બદલી નાખશે! કાર્તિક આર્યન અને અનન્યા પાંડે અભિનીત, આ રોમેન્ટિક કોમેડીનું દિગ્દર્શન સમીર વિદ્વાંસ દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું નિર્માણ કરણ જોહર, આદર પૂનાવાલા, અપૂર્વ મહેતા, શરીન મંત્રી કેડિયા, કિશોર અરોરા અને ભૂમિકા તિવારી દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૨૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# ચોકલેટી બોય, પહેલા બન્યો આસિસ્ટન્ટ, ગુલઝારે બનાવ્યો હીરો, ૧૦૦થી વધુ ફિલ્મોમાં કર્યું કામ

એક એવા બોલીવુડ એક્ટર વિશે વાત કરીશું જે બાળપણમાં આર્મી ઓફિસર બનવા માગતો હતો. બાળપણમાં તે ફિલ્મ આસિસ્ટન્ટ તરીકે કામ કરવા ગયો હતો. પરંતુ ભાગ્યએ તેને હીરો બનાવ્યો. આ એક્ટર શાહરૂખ ખાનની ફિલ્મ દ્વારા ખરી ઓળખ મેળવી હતી.



ભગવાનને જે મંજૂર હોય છે, તે થાય છે... આપણે ગમે તેટલી યોજના બનાવીએ કે કોઈ બાબત વિશે વિચારીએ, ભગવાન આપણા માટે જે ઈચ્છે છે તે થશે જ. તમને એક એવા અભિનેતાની સ્ટોરી કહી રહ્યા છીએ, જેણે બીજા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનું વિચાર્યુ હતું, પરંતુ ભાગ્યએ તેને અભિનેતા બનાવ્યો. અને એટલો પ્રખ્યાત અભિનેતા કે તેણે શાહરૂખ ખાન અને બીજા ઘણા મોટા બોલીવુડ સ્ટાર્સ સાથે સ્ક્રીન શેર કરી.

જે અભિનેતા વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહી પણ જીમી શેરગિલ છે. તેનો જન્મ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના એક નાના ગામમાં થયો હતો. આજે, ૩ ડિસેમ્બરે, તે પોતાનો ૫૫મો જન્મદિવસ ઉજવે છે. જીમીને કોઈ પરિચયની જરૂર નથી. એવું કહેવાય છે કે જ્યારે તે શાળામાં હતો, ત્યારે તેણે નક્કી કર્યું હતું કે તે મોટો થઈને આર્મી ઓફિસર બનશે.

જ્યારે તે મોટો થયો, ત્યારે તેના પિતરાઈ ભાઈએ તેને અભિનય શાળામાં જોડાવાની સલાહ આપી. તેણે સાંભળ્યું અને તેની સફર શરૂ કરી. એક દિવસ, તેને ખબર પડી કે હિન્દી સિનેમાના સુપ્રસિદ્ધ ગીતકાર અને દિગ્દર્શક ગુલઝાર માચીસ નામની ફિલ્મ બનાવી રહ્યા છે. જીમી તેની સાથે કામ કરવા માગતો હતો. તેથી, તેણે ગુલઝારનો સંપર્ક કર્યો અને તેને તેના સહાયક તરીકે નોકરી માગી. તે આસિસ્ટન્ટ બનવા માગતો હતો, પણ ગુલઝારે તેને હીરો બનાવ્યો. ગુલઝારે તેને ફિલ્મમાં એક નાનો રોલ ઓફર કર્યો. તેણે માચીસમાં જમાલ જેમી સિંહની ભૂમિકા ભજવી. તેની ભૂમિકા ભલે નાની હોય, પરંતુ તેનો જુસ્સો વિશાળ હતો. તે પછી, તેણે ક્યારેય પાછળ વળીને જોયું નહીં અને આગળ વધતા રહ્યા.

# 3 કલાક અને ૩૪ મિનિટ લાંબી ફિલ્મ ધુરંધરને મળ્યું છ સર્ટિફિકેટ

આદિત્ય ધરની ફિલ્મ ધુરંધરમાં રણવીર સિંહ સાથે સંજય દત્ત, અક્ષય ખન્ના, આર. માધવન, અર્જુન રામપાલ અને સારા અર્જુન જેવા દિગ્ગજ કલાકારો છે. ૨ ડિસેમ્બરે સેન્સર પ્રમાણપત્ર મળ્યા બાદ, આ ફિલ્મ હવે ૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.

બોલીવુડના એનર્જી કિંગ રણવીર સિંહની ફિલ્મ ધુરંધર ૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત ધુરંધર ને સેન્સર બોર્ડ તરફથી એ સર્ટિફિકેટ મળ્યું છે. જો કે, આ સર્ટિફિકેટથી ફિલ્મ વિશે કેટલીક રસપ્રદ વાતો સામે આવી છે. એ સર્ટિફિકેટની સાથે, ધુરંધર ૧૭ વર્ષમાં બોલીવુડની સૌથી લાંબી ચાલનારી ફિલ્મ પણ બની ગઈ છે.

ફિલ્મ ધુરંધરનો રનટાઇમ ૩ કલાક ૩૪ મિનિટ ૧ સેકન્ડ છે. બોલીવુડના છેલ્લા ૧૭ વર્ષમાં કોઈ મોટી બજેટ હિન્દી ફિલ્મ આ લંબાઈ સુધી પહોંચી નથી. લંબાઈની દૃષ્ટિએ, ધુરંધર ૨૦૦૮માં રિલીઝ થયેલી ઋત્વિક રોશન અને ઐશ્વર્યા રાય બચ્ચનની મહાકાવ્ય ફિલ્મ જોધા અકબર જેટલી છે. દિગ્દર્શક આદિત્ય ધરે પોતાની સ્ટોરીને મોટા પડદા પર રજૂ કરવા માટે કોઈ પણ પ્રયાસ બચાવ્યો નથી, અને દરેક સીનને શાનદાર રીતે બનાવ્યા છે. આ પહેલી વાર છે રણવીર સિંહની ૧૫ વર્ષની શાનદાર કારકિર્દીમાં જ્યારે કોઈ ફિલ્મને છ સર્ટિફિકેટ મળ્યું છે. ઝમ્હ્લઝના




પ્રમાણપત્રમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ધુરંધર ફિલ્મમાં ઘેરો, તીવ્ર અને પરિપક્વ વિષય છે. ખાસ કરીને, ફિલ્મમાં દર્શાવવામાં આવેલા હિંસક દ્રશ્યોને કારણે, સેન્સર બોર્ડે તેને ફક્ત ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના દર્શકો માટે જ યોગ્ય ગણાવ્યું છે. આ ફિલ્મ રણવીર સિંહને સંપૂર્ણપણે નવા અવતારમાં રજૂ કરી શકે છે. આ લાંબી ફિલ્મને સર્ટિફિકેટ આપતા પહેલાં, ઝમ્હ્લઝએ કેટલીક જરૂરી ભલામણો આપી હતી, જેને મેકર્સે સ્વીકારી લીધા છે. નિર્દેશ મુજબ, ફિલ્મના શરૂઆતના અને મધ્યભાગમાં અમુક હિંસક દ્રશ્યોમાં ફેરફાર કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. પહેલા ભાગમાં, કેટલાક હિંસક સીન દૂર કરીને તેમને યોગ્ય શોટ્સ સાથે બદલવામાં આવ્યા છે. વિવાદ ટાળવા માટે, ટીમને કેટલીક પાત્રોની ઓળખ બદલવાની સલાહ આપવામાં આવી છે. ફિલ્મમાં વપરાયેલા અપશબ્દોને મ્યૂટ કરવામાં આવ્યા છે. જ્યાં પાત્રો વ્યસનપ્રદ વસ્તુઓનો ઉપયોગ કરતા દેખાયા છે, ત્યાં ડ્રગ અને ધૂમ્રપાન વિરોધી ચેતવણીઓ ઉમેરવામાં આવી છે. નિર્માતાઓને હિન્દી ડિસ્ક્લેમર માટે વોઈસ-ઓવર ઉમેરવાની પણ સૂચના આપવામાં આવી હતી. ઝમ્હ્લઝના આ નિર્દેશોને અનુસરીને, નિર્માતાઓએ ફિલ્મને વધુ આકર્ષક બનાવવા માટે અંતિમ ક્રેડિટમાં સંગીત અને કેટલાક વધારાના દ્રશ્યો ઉમેર્યા છે, જે દર્શકો માટે ફિલ્મને વધુ રસપ્રદ બનાવશે.



# વિરાટ કોહલી વન-ડે રેન્કિંગમાં ચોથા ક્રમે પહોંચ્યો

દક્ષિણ આફ્રિકા સામે રાંચી ખાતે પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં સદી ફટકારનાર ભારતનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી આઈસીસી વન-ડે રેન્કિંગમાં ચોથા ક્રમે પહોંચ્યો છે. કોહલીએ ૧૨૦ બોલમાં ૧૩૫ રનની મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. કોહલીએ આ સાથે જ વન-ડે કારકિર્દીની ૫૨મી સદી ફટકારી હતી. તાજેતરના રેન્કિંગ મુજબ કોહલી ૭૫૧ રેન્કિંગ પોઈન્ટ્સ સાથે ચોથા ક્રમે છે. વન-ડેના શ્રેષ્ઠ બેટ્સમેનની યાદીમાં રોહિત શર્મા (૭૮૩) ટોચ પર છે. બીજા ક્રમે ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિચેલ (૭૬૬) અને ત્રીજા ક્રમે અફઘાનિસ્તાનનો ઈબ્રાહિમ ઝાદરાન (૭૬૪) છે. શુભમન ગિલ ઈજાને પગલે આફ્રિકા સામે વન-ડે સિરીઝમાં નથી રમી રહ્યો અને તે ટોપ ફાઈવમાં સ્થાન ધરાવે છે. ભારતનો વધુ એક બેટ્સમેન શ્રેયસ ઐયર યાદીમાં નવમાં ક્રમે છે. વન-ડે બોલર્સ રેન્કિંગમાં ભારતનો સ્પિનર કુલદીપ યાદવ એક સ્થાન આગળ વધીને છઠ્ઠા ક્રમે રહ્યો છે. ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં યશસ્વી જયસ્વાલ નવમાં ક્રમે છે અને ગિલ એક સ્થાન નીચે સરકીને ૧૨માં ક્રમે રહ્યો છે. ટેસ્ટ બોલર્સમાં ભારતનો જસપ્રિત બુમરાહ ટોચના સ્થાને યથાવત્ છે.

## ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતની જર્સીનું અનાવરણ




આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતની જર્સીનું બુધવારે રાયપુર ખાતે અનાવરણ કરાયું હતું. ટી૨૦ વર્લ્ડ કપની ૧૦મી આવૃત્તિ ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ વચ્ચે ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે આઠ સ્થળોએ યોજાશે. ગ્રુપ-એમાં ભારત ઉપરાંત તેના કટ્ટર હરીફ પાકિસ્તાન, અમેરિકા, નેધરલેન્ડ્સ અને નામીબિયાની ટીમનો સમાવેશ થાય છે. રાયપુરમાં દક્ષિણ આફ્રિકા સામેની બીજી વન-ડે અગાઉ ભારતની ટી૨૦ વર્લ્ડ કપની જર્સીનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે ભારતના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને ખેલાડી તિલક વર્મા હાજર હતા. ભારત ૭ ફેબ્રુઆરે મુંબઈમાં અમેરિકા સામેની મેચથી ટી૨૦ વર્લ્ડ કપ અભિયાનનો પ્રારંભ કરશે.

# દ.આફ્રિકા સામે હાર બાદ કેપ્ટન રાહુલનું દર્દ છલકાયું



ભારતીય ટીમને રાયપુર વનડેમાં દક્ષિણ આફ્રિકા સામે ચાર વિકેટથી હારનો સામનો કરવો પડ્યો. બુધવારે (ત્રીજી ડિસેમ્બર) રમાયેલી આ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકા માટે ૩૫૯ રનનો વિશાળ લક્ષ્યાંક મૂક્યો હતો, જે તેમણે ચાર બોલ બાકી રહેતાં હાંસલ કરી લીધો. ભારતીય ટીમ માટે વિરાટ કોહલી (૧૦૫) અને રુતુરાજ ગાયકવાડે (૧૦૫) સદી ફટકારી હતી, પરંતુ તે નિષ્ફળ ગઈ હતી. આ જીત સાથે, દક્ષિણ આફ્રિકાએ વનડે શ્રેણી ૧-૧ થી બરાબર કરી લીધી. શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ છઠ્ઠી ડિસેમ્બરે વિશાખાપટ્ટનમમાં રમાશે.

રાયપુર વનડેમાં હાર બાદ ભારતીય કેપ્ટન કેએલ રાહુલ નિરાશ હતા અને તેમણે હારના મુખ્ય કારણો જાહેર કર્યા હતા. તેમનું માનવું હતું કે બીજી ઈનિંગમાં પડેલા ઝાકળને કારણે બોલિંગ કરવી લગભગ અશક્ય બની ગઈ હતી, અને ટોસ જીતવો નિર્ણાયક સાબિત થયો.

કેએલ રાહુલે પ્રેઝન્ટેશન સેરેમનીમાં કહ્યું કે, 'ઝાકળને કારણે બીજી ઈનિંગમાં બોલિંગ કરવી ખૂબ મુશ્કેલ છે. અમ્પાયરોએ ઘણી વખત બોલ બદલ્યો, પરંતુ ટોસ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સતત બે ટોસ હારવા બદલ હું મારી જાતને કોસું છું.'

રાહુલે બેટિંગમાં પણ કચાસ રહી ગઈ હોવાનું સ્વીકાર્યું હતું. તેમનું માનવું હતું કે જો મિડલ ઓર્ડરે વધુ યોગદાન આપ્યું હોત તો સ્કોરબોર્ડ પર ૨૦-૨૫ રન વધારે હોત, જે નિર્ણાયક બની શક્યા હોત. તેમણે કહ્યું કે, 'હંમેશાં એવી વસ્તુઓ હોય છે જે આપણે વધુ સારી રીતે કરી શક્યા હોત. ૩૫૦ એક સારો સ્કોર લાગે છે, પરંતુ ડ્રેસિંગ રૂમમાં, આપણે હંમેશા ચર્ચા કરીએ છીએ કે ભીના બોલથી બોલિંગ કરતી વખતે બોલરોને મદદ કરવા માટે બીજા ૨૦-૨૫ રન કેવી રીતે ઉમેરવા.'

કેએલ રાહુલે ફિલ્ડિંગમાં પણ સરળ રન આપ્યા હોવાનું સ્વીકારીને ત્રણેય વિભાગોમાં સુધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

રાહુલે વિરાટ કોહલી અને ખાસ કરીને યુવા ઓપનર રુતુરાજ ગાયકવાડના બેટિંગ પ્રદર્શનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, 'વિરાટે ૫૩ વખત આવું કર્યું છે; અમે તેનું કામ જાણીએ છીએ. પણ રુતુરાજે જે રીતે બેટિંગ કરી તે જોવા જેવું હતું. રુતુરાજે સ્પિનરોને શાનદાર રીતે રમ્યા, અંતર શોધી કાઢ્યું, અને ફિફ્ટી પછી તેણે જે ઝડપે રન બનાવ્યા તેનાથી અમને ૨૦ વધારાના રન મળ્યા.'

# ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ વચ્ચે આજથી બીજી એશિઝ ટેસ્ટ, પિન્ક બોલ સાથે રમાશે

## ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડને બે દિવસમાં જ પરાસ્ત કરીને ૧-૦ની સરસાઈ મેળવી હતી



ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ગાબા ખાતે બીજી એશિઝ ટેસ્ટ ક્રિકેટ મેચનો આવતીકાલથી પ્રારંભ થશે. આ ડે-નાઈટ ટેસ્ટ હોવાથી પિન્ક બોલ સાથે રમાશે. સુકાની સ્ટીવ સ્મિથની આગેવાનીમાં ઓસ્ટ્રેલિયા આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને બે દિવસમાં જ પરાસ્ત કર્યુ હતું અને સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી હતી.

ઓસ્ટ્રેલિયન સુકાની સ્મિથ ફ્લડલાઈટની વધુ પડતી રોશનીને ખાળવા માટે એક નવો અખતરો કરતો જોવા મળશે. સ્મિથ તેની આંખોની નીચે કાળી પટ્ટી ચોંટાડીને રમશે જેથી બદલાતા કુદરતી પ્રકાશ અને ફ્લડલાઈટની ચમક વચ્ચે ગુલાબી રંગનો બોલ યોગ્ય રીતે જોઈ શકાય. વેસ્ટ ઈન્ડિઝનો ભૂતપૂર્વ બેટ્સમેન શિવનારાયણ ચંદ્રપૌલ પણ આ પ્રકારે તીવ્ર પ્રકાશની સ્થિતિમાં આંખોની નીચે પટ્ટી લગાવીને રમતો હતો. ઉસ્માન ખ્વાજાને પીઠની ઈજાને પગલે તે બીજી ટેસ્ટ ગુમાવશે જેથી ઓસ્ટ્રેલિયન ટીમને ફટકો પડી શકે છે. પ્રથમ ટેસ્ટમાં ધમાકેદાર બેટિંગ કરનાર ટ્રેવિસ હેડ પર નજર રહેશે. જોશ ઈંગ્લિસ મિડલ ઓર્ડરમાં ટીમને વધુ મજબૂત સ્થિતિમાં લાવવાની ક્ષમતા ધરાવે છે. ૧૯૮૬થી ઈંગ્લેન્ડની ટીમ ગાબા ખાતે એકપમ એશિઝ ટેસ્ટમાં વિજય મેળવી શકી નથી. આ ઉપરાંત ૨૦૧૦-૧૧ની સિરીઝ બાદ તે ઓસ્ટ્રેલિયાની ધરતી પર એકપણ ટેસ્ટ જીતી શક્યું નથી. બેન સ્ટોક્સની ટીમ તેના આક્રમક વલણને જાળવી રાખશે તેવી આશા છે. ઓસ્ટ્રેલિયન ટીમ શ્રેણીમાં સરસાઈને બેવડાવવા પ્રયાસ કરશે જ્યારે ઈંગ્લેન્ડ પણ વળતી લડત આપીને શ્રેણી જીવંત રાખવા ઉતરશે.

# હાઈસ્કોરિંગ મેચમાં દ. આફ્રિકાનો ચાર વિકેટે વિજય, શ્રેણીમાં ૧-૧ની બરાબરી કરી

## કોહલી (૧૦૨) અને ગાયકવાડ (૧૦૫)ની સદી પર બોલર્સે પાણી ફેરવી નાંખ્યુંઃ ભારત ૩૫૮/૫, દક્ષિણ આફ્રિકા ૩૬૨/૬ (૪૯.૨), માર્કરમની લડાયક સદી, બ્રીટ્ઝકે ૬૮ અને બ્રેવિસના ૫૪ રન




દક્ષિણ આફ્રિકાએ ભારત સામેની બીજી વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં લડાયક મિજાજ બતાવ્યો હતો. એઈડન માર્કરમની આક્રમક સદી ઉપરાંત બ્રીટ્ઝકે અને બ્રેવિસની ફિફ્ટીની મદદથી પ્રવાસી ટીમે ૪૯.૨ ઓવરમાં જ ભારતનો ૩૫૯ રનનો ટારગેટ છ વિકેટે સરળતાથી પાર કરી લીધી હતો. હાઈસ્કોરિંગ મેચમાં ભારતીય બોલર્સને ભેજનું પરિબળ નડ્યું હતું અને સાથે જ નબળી ફિલ્ડિંગ પણ ભારત માટે પરાજયનું કારણ સાબિત થઈ હતી.

ભારતે અગાઉ વિરાટ કોહલીના ૧૦૨ તથા ઋતુરાજ ગાયકવાડના ૧૦૫ રનની ધમાકેદાર ઈનિંગ્સની મદદથી નિર્ધારિત ઓવરમાં પાંચ વિકેટે ૩૫૮ રનનો મજબૂત સ્કોર રજૂ કર્યો હતો. પ્રસિદ્ધ ક્રિષ્ના સહિતના ભારતીય બોલર્સ નિસ્તેજ જણાયા હતા અને મહત્વના સમયે વિકેટ ના ઝડપી શકતા કોહલી અને ઋતુરાજની સદી પણ પાણી ફરી વળ્યું હતું. જવાબમાં દક્ષિણ આફ્રિકાએ માર્કરમની ૯૮ બોલમાં ૧૧૦ રનની લડાયક સદીના સહારે ભારતની ધરતી પર ભારત સામે રમતા ઓસ્ટ્રેલિયા સાથે સંયુક્ત બીજો સર્વાધિક વન-ડે લક્ષ્યાંક ચેઝ કરવાનો રેકોર્ડ સ્થાપ્યો હતો. રાયપુરમાં ભારત અને દ. આફ્રિકાની ટીમોએ સંયુક્ત ૭૨૦ રન નોંધાવ્યા હતા જે બંને ટીમો વચ્ચે વન-ડેમાં સર્વાધિક કુલ રન થયા છે. દક્ષિણ આફ્રિકાએ બીજી વન-ડેમાં ચાર વિકેટે જીત મેળવીને સિરીઝમાં ૧-૧ની બરાબરી કરી હતી. શ્રેણીની અંતિમ વન-ડે છઠ્ઠી ડિસેમ્બરે વિશાખાપટ્ટનમમાં રમાશે.

આફ્રિકાએ શરૂઆતમાં ફોર્મ વિહોણા ઓપનર ક્વિન્ટન ડી કોક (૮)ની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ માર્કરમનો સાથ દેવા સુકાની ટેમ્બા બવુમા ત્રીજા ક્રમે ઉતર્યો હતો. બંને વચ્ચે બીજી વિકેટ માટે ૧૦૧ રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારીના સહારે આફ્રિકા જીતનો પાયો નાંખી શક્યું હતું. એઈડન માર્કરમે ૧૦ ચોગ્ગા તથા ચાર છગ્ગા સાથે ૧૧૦ રન ફટકાર્યા હતા. બવુમા ૪૬ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો. મેથ્યુ બ્રીટ્ઝકે સાતત્યપૂર્વક બેટિંગ કરીને ૬૪ બોલમાં ૬૮ રનનું યોગદાન આપ્યું હતું. તેણે માર્કરમ સાથે ચોથી વિકેટ માટે ૭૦ રન જોડ્યા હતા. ૩૦મી ઓવરમાં હર્ષિત રાણાએ માર્કરમને ગાયકવાડના હાથે કેચ આઉટ કરાવ્યો પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. ડેવાલ્ડ બ્રેવિસની તોફાની ફિફ્ટી (૩૪ બોલમાં ૫૪)ના સહારે આફ્રિકા જીતની નજીક પહોંચી ગયું હતું. ટોની ઝોર્ઝી ૧૧ બોલમા ૧૭ રન કર્યા અને પગના સ્નાયુ ખેંચાતા રિટાયર્ડ હર્ટ થયો હતો. કોર્બિન બોશે (૨૯★) વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો. મહારાજ સામે છેડે ૧૦ રન કરીને અણનમ રહ્યો હતો. ભારત તરફથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ ૮.૨ ઓવરમાં ૮૫ રન આપ્યા હતા અને બે વિકેટ ઝડપી હતી. અર્શદીપે પણ બે વિકેટ લીધી હતી. હર્ષિત રાણા તથા કુલદીપને એક વિકેટ મળી હતી. ભારતીય ફિલ્ડર્સે આફ્રિકાના બેટ્સમેનને અનેક તક આપી હતી જે ભારે પડી હતી. જયસ્વાલે કુલદીપની ઓવરમાં બાઉન્ડ્રી પર માર્કરમનો કેચ છોડ્યો હતો. તે વખતે માર્કરમ ૫૩ રન પર રમતો હતો. માર્કરમે ભારત વિરુદ્ધ પ્રથમ અને એકંદરે ચોથી વન-ડે સદી ફટકારીને આફ્રિકાને જીત તરફ દોરી ગયો હતો. ટોસ જીતીને આફ્રિકાએ ભારતને પ્રથમ બેટિંગનું નિમંત્રણ આપ્યું હતું. ભારતે પ્રારંભમાં રોહિત (૧૪) અને જયસ્વાલ (૨૨)ની વિકેટ ગુમાવી હતી. વિરાટ કોહલીએ ૯૩ બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૦૨ રન ફટકાર્યા હતા. કોહલીએ આફ્રિકા સામે સળંગ બે મેચમાં બે સદી ફટકારતા વન-ડે કારકિર્દીમાં તેની ૫૩મી સદી રહી હતી. ઋતુરાજ ગાયકવાડે પણ બીજા છેડે ફટકાબાજી કરી અને ૮૩ બોલમાં ૧૦૫ રન કર્યા હતા જેમાં ૧૨ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. કપ્તાન કે એલ રાહુલે વધુ એક વખત અણનમ ૬૬ રન સાથે કેપ્ટન્સ ઈનિંગ્સ રમી હતી. રવિન્દ્ર જાડેજા ૨૪ રન કરીને નોટ આઉટ રહ્યો હતો. વોશિંગ્ટન સુંદર એક રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. આફ્રિકાએ કેશવ મહારાજ અને લુંગી એન્ગિડીને ટીમમાં સ્થાન આપ્યું હતું. યાનસેને બે જ્યારે એન્ગિડી અને બર્ગરે એક વિકેટ મેળવી હતી.

# વસીમ અકરમના મતે સ્ટાર્ક દુનિયાનો નંબર ૧ બોલર, કહ્યું - મારો રેકોર્ડ પણ તોડવા સક્ષમ

ક્રિકેટ જગતના મહાન ફાસ્ટ બોલરોમાંના એક એવા પાકિસ્તાનના પૂર્વ દિગ્ગજ વસીમ અકરમે ઓસ્ટ્રેલિયન સ્ટાર ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કને વર્તમાન વિશ્વનો સર્વશ્રેષ્ઠ બોલર ગણાવ્યો છે. સ્ટાર્કના તાજેતરના પ્રદર્શનથી પ્રભાવિત થઈને અકરમે કહ્યું કે, 'સ્ટાર્ક ભવિષ્યમાં મારો રેકોર્ડ તોડશે તો પણ તેમને કોઈ વાંધો નથી.' મિશેલ સ્ટાર્કની પ્રશંસા કરતાં વસીમ અકરમે એક નિવેદનમાં કહ્યું કે, 'મિશેલ સ્ટાર્ક હાલમાં વિશ્વનો સૌથી ખતરનાક અને નંબર ૧ બોલર છે. તે ક્રિકેટના તમામ ફોર્મેટમાં સામનો કરવા માટે સૌથી મુશ્કેલ બોલર છે.' વસીમ અકરમે સ્ટાર્કને તેની પ્રતિભા અને સતત પ્રદર્શનને કારણે સાચો ચેમ્પિયન ગણાવ્યો, જે આ પદ માટે સંપૂર્ણપણે લાયક છે. તેણે કહ્યું કે, 'ભવિષ્યમાં



સ્ટાર્ક મારો રેકોર્ડ તોડે તેનાથી કોઈ વાંધો નથી. જો તે મારા રેકોર્ડને પાર કરે છે, તો તે સંપૂર્ણપણે ઠીક છે.' વસીમ અકરમની આ પ્રતિક્રિયા એશિઝ ટેસ્ટમાં મિશેલ સ્ટાર્કના ઉત્તમ ફોર્મને પગલે આવી છે, જેણે તેને વર્તમાન ક્રિકેટ વિશ્વના સૌથી ઘાતક બોલરોની યાદીમાં ટોચ પર મૂક્યો છે. મિશેલ સ્ટાર્કનું શાનદાર પ્રદર્શન પહેલી એશિઝ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની જીત માટે નિર્ણાયક સાબિત થયું હતું. ઓસ્ટ્રેલિયાએ શનિવારે પર્થમાં ટ્રેવિસ હેડની ધમાકેદાર સદીના કારણે શાનદાર વાપસી કરી. હેડે ૬૯ બોલમાં સદી ફટકારી જે એશિઝ ઈતિહાસની બીજી સૌથી ઝડપી સદી હતી. આ મેચમાં મિશેલ સ્ટાર્કે કુલ ૧૦ વિકેટ ઝડપી હતી, જે ઈંગ્લેન્ડના નબળા શોટ્સની સીરિઝ અને ઓસ્ટ્રેલિયાના આક્રમક વ્યૂહરચના સાથે મળીને ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે વિજય અપાવવામાં નિર્ણાયક સાબિત થઈ.

# જૂનિયર વિમેન્સ વર્લ્ડ કપમાં ભારતે નામીબિયાને ૧૩-૦થી કચડ્યું

## હિના બાનો તથા કનિકા સિવાચે હેટ્રિલ ગોલ નોંધાવ્યા



જૂનિયર વિમેન્સ હોકી વર્લ્ડ કપમાં ભારતીય ટીમે નામીબિયાને ૧૩-૦થી કચડીને વિજયી પ્રારંભ કર્યો છે. હિના બાનો તથા કનિકા સિવાચ બન્નેના હેટ્રિક ગોલની મદદથી ભારતે ટુર્નામેન્ટમાં ધમાકેદાર શરૂઆત કરી હતી. હવે બુધવારે તેનો મુકબાલો મજબૂત જર્મનીની ટીમ સામે થશે. ભારત તરફથી હિના બાનોએ (૩૫, ૩૫, ૪૫) અને કનિકા સિવાચે (૧૨, ૩૦, ૪૫) મિનિટે ગોલ ફટકાર્યા હતા. આ ઉપરાંત સાક્ષી રાણાએ (૧૦, ૨૩) પણ બે ગોલ નોંધાવ્યા હતા. બિનિમા ધને ૧૪મી મિનિટે જ્યારે સાક્ષી શુક્લા (૨૭), ઈશિકા (૩૬) તથા મનિષાએ (૬૦) અનુક્રમે ગોલ કરીને ભારતને મજબૂત પ્રારંભ અપાવ્યો હતો. નામીબિયા સામે ભવ્ય જીતની મદદથી ભારતીય જૂનિયર મહિલા હોકી ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પહોંચી ગઈ છે.

ભારતીય ટીમે પ્રથમ ક્વાર્ટરમાં ચાર મિનિટના અંતરમાં તેટલા જ ગોલ ફટકારીને રમતના પ્રારંભથી જ પકડ મજબૂત બનાવી લીધી હતી. સાક્ષીએ ફ્લિક દ્વારા ગોલ કરીને ભારતનું ખાતું ખોલાવ્યા બાદ કનિકાએ લીડ બેવડાવી હતી. બિનિમાએ ટીમ માટે ત્રીજો ગોલ ફટકાર્યો હતો જ્યારે સોનમે પણ એક ગોલ કર્યો હતો. હાફ ટાઈમ સુધીમાં ભારતનો સ્કોર ૭-૦ રહેતા જીત નિશ્ચિત જણાતી હતી. બીજા હાફમાં પણ ભારતીય ટીમે આત્મવિશ્વાસ સાથેની રમતનું પ્રદર્શન કર્યું હતું. મનિષાએ પેનલ્ટી



# મહુવાની પ્રા.શાળાઓના ૧૦ ઓરડાનું ખાતમૂહર્ત

સુરત, તા.૪

ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાએ મહુવાના વિવિધ ગામોમાં રૂ.૧.૯૯ કરોડના ખર્ચે તૈયાર થનારા પ્રા.શાળાઓના નવા મકાનના કુલ ૧૦ ઓરડાનું ખાતમૂહર્ત કર્યું હતું. જેમાં મહુવાના મોટી ભટલાવમાં રૂ.૩૯.૮૬ લાખના ખર્ચે ૨, માણેકપોરમાં રૂ.૩૯.૮૬ લાખના ખર્ચે ૨, બેડી ફળિયા મઢીમાં રૂ.૭૯.૭૨ લાખના ખર્ચે ૪ અને નાની ભટલાવમાં રૂ. ૩૯.૮૬ લાખના ખર્ચે ૨ એમ કુલ ૧૦ નવા ઓરડાઓ વિદ્યાર્થીઓની શિક્ષણસુવિધા માટે તૈયાર કરાશે.

# શિયાળાની ઋતુમાં ભૂખમાં વધારો થાય, સાતે મેદસ્વિતામાં પણ વધારો થાય છે

## શિયાળામાં વધુ પડતા ખોરાક લેવાથી વજનમાં વધારો થાય છે તેને કસરતથી અટકાવી શકાય

સુરત, તા.૪

શિયાળાની ઋતુ આવે એટલે ઠંડી હવા સાથે માણસની ભૂખ પણ બમણી થઈ જાય છે. સવારે ગરમ ગરમ ગાજરનો હલવો, દિવસે ઘીમાં તરબોળ રોટલી અને રાત્રે ઉંઘતાં પહેલાં એકાદ ગ્લાસ ગરમ દૂધમાં બદામ-પિસ્તા નાખીને પીવાની ઈચ્છા થાય.. આ બધું સ્વાભાવિક લાગે છે, પણ આ જ ઋતુમાં સૌથી વધારે લોકોનું વજન વધે છે અને મેદસ્વીતાનો ભોગ બને છે.શિયાળામાં શરીરનું તાપમાન જાળવી રાખવા માટે શરીર વધારે કેલરી બાળે છે. આ માટે મગજને સિગ્નલ મળે છે કે વધારે ખાઓ. ઉપરાંત દિવસ ટૂંકા થઈ જાય છે, સૂર્યપ્રકાશ ઓછો મળે છે, જેનાથી સેરોટોનિન હોર્મોન ઘટે છે અને મૂડ ડાઉન થાય છે. આનો ઉપાય માણસ મીઠું, ચીઝવાળું કે ઘી-તેલવાળું ભોજન લઈને કરે છે, કારણ કે આ બધું ખાવાથી તરત જ આનંદ થાય છે. પરિણામે શિયાળામાં ગાજર,ગુંદ,લાડુ,ઉંધિયું,મેથીપાક જેવા ઉચ્ચ કેલરીવાળા પદાર્થોનું સેવન વધી જાય છે.

બીજી બાજુ જોઈએ તો શિયાળો એટલે તાજી લીલી ભાજીઓથી ભરપૂર છે.મેથી, પાલક, સરસવ, લીલા ધાણા, લીલો લસણ, ફ્લાવર, ગાજર, શક્કરિયા, વટાણા આ બધું શિયાળામાં સૌથી સસ્તું અને પોષ્ટિક મળે છે. આ ભાજીઓ ફાઈબર, વિટામિન અને એન્ટીઑક્સિડન્ટથી ભરપૂર હોય છે, જે ભૂખ કંટ્રોલ કરે છે, પેટ લાંબો સમય ભરેલું રાખે છે અને ચરબી ઓછી કરે છે. દરરોજ એક વાટકી મેથી-પાલકનું શાક કે ગરમ સૂપ લેવાથી ઘી-તેલવાળા લાડુ-ઉંધિયાની ઈચ્છા ઘટે છે. ઠંડીમાં ગરમાહટ પણ મળે, રોગપ્રતિકારક શક્તિ વધે અને વજન પણ નિયંત્રણમાં રહે.

બીજું મહત્વનું કારણ છે શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો. ઠંડીમાં વહેલી સવારે ઊઠીને વૉકિંગ કે વ્યાયામ કરવાનું મન નથી થતું. ઘરમાં ગરમ ક્વિલ્ટમાં દબાઈને બેસી રહેવું વધારે આરામદાયક લાગે છે. આ બધાનું પરિણામ એ આવે છે કે ખાધેલી વધારાની કેલરી બળવાને બદલે ચરબી તરીકે સંગ્રહાય છે અને પેટ, કમર તથા જાંઘ પર ચરબીના નવા થર ચડી જાય છે.શિયાળામાં પણ વજન ન વધે તે માટે થોડી સમજણ અને નિયમન જરૂરી છે.પ્રથમ તો ગરમ ખોરાક ખાવો જરૂરી છે, પણ ઘી-ખાંડનું પ્રમાણ ઘટાડી શકાય. દાળ-શાક-રોટલીમાં ઘી ઓછું કરીને પણ ગરમાહટ મળે છે.ગજર-ગુંદના લાડુ ખાવા હોય તો ખાંડને બદલે ખજૂર કે શેરડીનો ખાંડુ વાપરી શકાય.દરરોજ ઓછામાં ઓછા ૩૦-૪૦ મિનિટ ચાલવું કે ઘરમાં જ વ્યાયામ કરવો જરૂરી છે.

ઠંડીમાં વ્યાયામ કરવાથી શરીરની ગરમી પણ વધે છે.પાણી ઓછું પીવાય છે એ પણ વજન વધારે છે. શિયાળામાં પણ દિવસમાં ૮-૧૦ ગ્લાસ પાણી (ગરમ કે નાર્મલ) પીવું જોઈએ.રાત્રે ભારે જમવાને બદલે હળવો ખોરાક (સૂપ, સલાડ, દાળ-ભાત) લેવો.

શિયાળો એ આનંદની ઋતુ છે, ખાવા-પીવાની ઋતુ છે, પણ થોડી સભાનતાથી આ આનંદને મેદસ્વીતાના શોકમાં ફેરવવાની જરૂર નથી. ગરમ ખોરાક લો,પણ લિમિટમાં ગરમ કપડાં પહેરો, પણ શરીરને કસરત પણ આપો એટલે શિયાળો પૂરો થાય ત્યારે કપડાં ટાઈટ નહીં, ફીટ જ રહેશે.

# રવિવારે જીવન ભારતી કિશોર ભવનનો ઉદ્ઘાટન સમારંભ

## નવપલ્લવિત ભવનના નવપલ્લવ ઓચ્છવમાં અતિથિ વિશેષપદે ધ મેન ઓફ ચેરિટી તરીકે ખ્યાત પુરુષોત્તમભાઈ પટેલ ઉપસ્થિત રહેશે

સુરત, તા.૪

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના દાન થકી સાકાર કરાયેલા જીવન ભારતી કિશોર ભવન પ્રાથમિક વિદ્યાસંકુલ ની નવી સ્કૂલ બિલ્ડિંગનો ઉદઘાટન સમારંભ તારીખ ૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સવારે ૧૦: ૧૫ કલાકે નાનપુરા જીવન ભારતી સ્કૂલના રંગ ભવનમાં યોજાશે.

પ્રાથમિક શાળાના નવા ભવનના લોકાર્પણ સમારંભમાં પ્રમુખ સ્થાને ભૂતપૂર્વ વિદ્યાર્થીની તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, ઉદ્ઘાટક તરીકે વસંતભાઈ પટેલ તથા શૈલેશભાઈ વસંતભાઈ પટેલ અને અતિથિ વિશેષ તરીકે ની મેન ઓફ ચેરિટી તરીકે ખ્યાત બનેલા પુરુષોત્તમભાઈ પટેલ (દાસકાકા) ઉપસ્થિત રહેશે. જીવન ભારતી પરિવાર દ્વારા કાર્યક્રમમાં હાજરી આપવા આમંત્રિતોને નમ્ર વિનંતી કરવામાં આવી છે.

### આજથી

પહેલા પાનાનું ચાલુ

લાંબા યુદ્ધ છતા પણ રશિયાના અર્થતંત્રને મજબૂત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આમ ભારતને એસ-૫૦૦ એર ડિફેન્સ સીસ્ટમ મળે તે અત્યંત મહત્વનું બની જશે.

### હવા પ્રદૂષણને

પહેલા પાનાનું ચાલુ

કેટલાક વિપક્ષી સાંસદો દિલ્હીમાં વાયુ પ્રદૂષણ સામે વિરોધ દર્શાવવા માટે ગેસ માસ્ક પહેરીને પણ પહોંચ્યા હતા. જ્યારે પીએમ મોદીએ સવારે ૧૧ વાગ્યે બંને ગૃહોની કાર્યવાહી પહેલા સંસદ પરિસરમાં પશ્ચિમ બંગાળના ભાજપના સાંસદો સાથે મુલાકાત કરી હતી.

લોકસભામાં કેન્દ્રીય સૂચના અને પ્રસારણ અને IT મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું- ફેક ન્યૂઝ અને AI ડીપફેક લોકશાહી માટે ગંભીર જોખમ છે. સરકાર ખોટી માહિતી પર કાર્યવાહી કરવા માટે નવા કડક નિયમો બનાવી રહી છે. ૩૬ કલાકમાં કન્ટેન્ટ 'ટેકડાઉન'નો નવો નિયમ પણ લાગુ કરવામાં આવ્યો છે. સંસદીય સમિતિની ભલામણોના આધારે નિયમોને વધુ મજબૂત કરવામાં આવશે. ફ્રીડમ ઓફ સ્પીચ અને લોકશાહીની સુરક્ષા વચ્ચે સંતુલન જાળવી રાખીને કાર્યવાહી ચાલુ રહેશે.

અમેરિકન ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડા પર કોંગ્રેસના વડા અને રાજ્યસભા સાંસદ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું - મેં કહ્યું છે કે રૂપિયાનું મૂલ્ય ઘટી રહ્યું છે, તેનો અર્થ એ છે કે આ દેશની આર્થિક સ્થિતિ સારી નથી.

તેઓ હંમેશા કહે છે કે આપણે વિકાસ કરી રહ્યા છીએ અને અર્થતંત્ર સારું છે. પરંતુ જ્યારે રૂપિયો ઘટે છે, ત્યારે તે દર્શાવે છે કે તમારી આર્થિક સ્થિતિ શું છે.

### અમેરિકામાં ટ્રેનિંગ

પહેલા પાનાનું ચાલુ

અમેરિકન વાયુસેનાના જણાવ્યા અનુસાર, ફાઇટર જેટ ડેથ વેલીની દક્ષિણે આવેલા એક દૂરના રણ વિસ્તારમાં જઈને પડ્યું હતું. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પાઇલટ પેરાશૂટથી સુરક્ષિત રીતે બહાર નીકળે તે પહેલાં વિમાન જમીન તરફ ઝડપથી નીચે આવી રહ્યું હતું. જેવું જ જેટ જમીન સાથે અથડાયું, તેમાં જોરદાર વિસ્ફોટ થયો અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં જણાવાયું છે કે F-૧૬ અજ્ઞાત સંજોગોમાં અકસ્માતનો શિકાર બન્યું હતું. એરફોર્સના ૫૭મા વિંગના પબ્લિક અફેર્સ ઓફિસે જણાવ્યું કે ઘટનાની તપાસ ચાલી રહી છે અને ક્રેશ સાઇટનું મૂલ્યાંકન પૂર્ણ થયા બાદ વધુ માહિતી જાહેર કરવામાં આવશે.

F-૧૬ અમેરિકાનું પ્રખ્યાત અને શક્તિશાળી ફાઇટર જેટ છે, જેને ૧૯૭૦ના દાયકામાં જનરલ ડાયનેમિક્સ દ્વારા બનાવવામાં આવ્યું હતું. હવે તેને અમેરિકી સંરક્ષણ કંપની લોકહીડ માર્ટિન બનાવે છે. પાકિસ્તાન સહિત ૨૫થી વધુ દેશો F-૧૬નો ઉપયોગ કરે છે.

ખરેખર, ૧૯૮૦ના દાયકાથી આ લડાકુ વિમાન પાકિસ્તાન પાસે છે. અમેરિકા અને પાકિસ્તાનની આ ડીલથી ભારત નારાજ છે. તેથી આજ સુધી ભારતે અમેરિકા પાસેથી F-૧૬ ફાઈટર જેટ લીધું નથી.

### સુરત મહાનગર

પેજ-૨ પાનાનું ચાલુ

સફાઈ સાથે દર અઠવાડિયે સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. ગત રોજ ડુમસ બીચ ખાતે ફૂડ વિભાગ દ્વારા ૬૮ સંસ્થાઓનું ચેકિંગ કરી ૧૦૩ સેમ્પલ લઈ ૫૧ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલ છે. સેનિટેશન ટીમ દ્વારા પ્રવાસન સ્થળ,બસ/રેલ્વે સ્ટેશન ખાતે ૨૬૦ સંસ્થાઓ ચેક કરી, ડસ્ટબીન ના રાખતી ૭૨ સંસ્થાઓને નોટીસ પાઠવવામાં આવેલ છે. સુરત શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવા ૬૭૪ સંસ્થાઓ ચેક કરી સઘન ઝુંબેશ હાથ ધરી ૧૪૦ કિ.ગ્રા. સિંગલ યુઝ/ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૪,૩૬,૪૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

### એમએસએમ

પેજ-૨ પાનાનું ચાલુ

પણ અધિકારીઓએ ચર્ચામાં લીધો હતો. ચેમ્બરની આ રજૂઆતને પણ તેઓ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે.તદુપરાંત, સુરતમાં મેન મેઇડ ફાયબરની ટેસ્ટીંગ લેબોરેટરી નથી, આથી યાર્ન માટે ટેસ્ટીંગ લેબોરેટરી સુરતમાં ઉભી કરવામાં આવે તેમજ તેનું સેન્ટર સુરતને આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વધુમાં, એમઈજી – પીટીએ પર જે એન્ટી ડમ્પીંગ ડયુટી છે તેમજ ૧૮ ટકા જીએસટીનો દર છે, એમાં એન્ટી ડમ્પીંગ ડયુટી કઢાવવા માટેની રજૂઆત કરાઇ હતી તે પણ MSME ના ઉચ્ચ અધિકારીઓએ માન્ય રાખી કેન્દ્ર સરકાર સુધી રજૂઆત પહોંચાડવાની ખાત્રી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ દ્વારા MSME એકમો માટે અન્ય રજૂઆતો પણ કરી હતી, પરંતુ ઉપરોકત ચાર મુદ્દાઓ સંદર્ભેની રજૂઆતો મુખ્યત્વે હતી, જે અધિકારીઓએ શાંતિપૂર્વક સાંભળી હતી અને એમની કક્ષાએ આ રજૂઆતને સ્વીકારી કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવાની ખાત્રી આપી હતી.

### યુવક કોંગ્રેસના

પેજ-૨ પાનાનું ચાલુ

કે આગામી દિવસોમાં યુવક કોંગ્રેસ ધ્વારા યુવાનોના પ્રશ્નોનો તેમજ ખાસ કરીને ડ્રગ્સ - દારૂ - દુષ્કર્મ ને પોષણ આપનારી ભાજપ સરકારની સામે યુવાધનને બરબાદ થતું અટકાવવા ભગતસિંહ અને સુભાષચંદ્ર બોઝના માર્ગે આક્રમક આંદોલન શરૂ કરવામાં આવશે.

### ગેરકાયદે ડ્રેનેજ

પેજ-૨ પાનાનું ચાલુ

રૂા.૨૦,૦૦૦.૦૦ રોકડા વસુલવામાં આવેલ છે. તથા કરેલ ખોદાણ રીપેરીગ કરવામાં આવેલ. વધુમાં ફરીયાદીને સદર કાયદેસર ડ્રેનેજ કનેકશન કરવા માટે નવો પૂર્વ (સરથાણા) ઝોન ધ્વારા સુરત મહાનગરપાલિકાના લાઈસન્સ પ્લમબર પાસે અરજી કરાવી તેમની પાસેથી નિયમો અનુસાર ૦૩ (ત્રણ) ગણો ડ્રેનેજ કનેકશન ચાર્જ અંદાજીત રૂા ૧૧,૬૯૧.૦૦ પૈ. અને ૦૨ (બે) ગણો રસ્તા ખોદાણ ચાર્જ અંદાજીત રૂા. ૧૨,૫૫૫.૦૦ પૈ. મળી કુલ રૂા. ૨૪,૨૪૬.૦૦ પૈ. કાયદેસર ડ્રેનેજ કનેકશન પેટે વસુલવામા આવશે.

### દિલ્હીમાં

પેજ-૨ પાનાનું ચાલુ

આવા પ્લેટફોર્મ વિકસાવવામાં આવી રહ્યા છે, જે સારા ઉત્પાદકોને સારી ક્વોલિટી શોધતા ગ્રાહકો સાથે સીધું જોડશે. ઉદ્યોગમાં સ્કિલ્ડ પ્રોફેશનલ્સની ભારે માંગ છે, જેને FDDI અસરકારક રીતે પૂર્ણ કરી રહ્યો છે. તેમણે વિદ્યાર્થીઓને ડિજિટલ ઈનોવેશન, આરોગ્ય-સુરક્ષા અને પર્યાવરણમિત્ર ડિઝાઈન ઉપર ખાસ ધ્યાન આપવા સલાહ આપી. રાજયમંત્રી જીતેન્દ્ર પ્રસાદે આપી શુભેચ્છા

વાણિજય-ઉદ્યોગ રાજયમંત્રી જીતેન્દ્ર પ્રસાદે પણ સમારોહમાં ભાગ લીધો અને વિદ્યાર્થીઓને મેડલો અર્પણ કર્યા. તેમણે ýૂહૈંની ભૂમિકા પ્રશંસનીય ગણાવી અને જણાવ્યું કે સંસ્થા દેશની ઈન્ડસ્ટ્રી-કેન્દ્રિત શિક્ષણવ્યવસ્થાનું મજબૂત પાયુ છે, જે યુવાનોને રોજગાર તેમજ ઉદ્યોગસાહસિકતા—બન્ને માટે તૈયાર કરે છે. આ દીક્ષાંત સમારોહમાં સમય અને સાધનોની મર્યાદા ધ્યાનમાં રાખીને દેશના કુલ આઠ કેમ્પસના વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાં અંકલેશ્વર કેમ્પસના વિદ્યાર્થીઓ પણ સામેલ હતું. બાકીના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ આગામી દિવસોમાં કેમ્પસ સ્તરે યોજાશે.

### સુરત ૧૬

પેજ-૨ પાનાનું ચાલુ

૧૦૦ મતદારોનું ડિજિટાઇઝેશન પૂર્ણ કરીને ઉચ્ચ કાર્યક્ષમતા દાખવી હતી.

ચૂંટણી વિભાગ અનુસાર, BLOsની સમયસર કામગીરીના કારણે મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ઝડપ અને પારદર્શિતા બંનેમાં વધારો નોંધાયો છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ BLOsના ટીમવર્ક, ફિલ્ડવર્ક અને લોકશાહીને મજબૂત બનાવતી SIR પ્રક્રિયામાં યોગદાન અને મતદાર સેવાઓને 'મોડેલ પ્રેક્ટિસ' ગણાવીને બિરદાવ્યાં હતા.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલા આ સન્માનથી સુરત જિલ્લાના ચૂંટણી સ્ટાફમાં નવી ઊર્જા અને જવાબદારીનો ભાવ પ્રગટ થયા

### છેલ્લા પાનાનું ચાલુ
### હીરાબજારના

જૈમીન અને તરૂણએ મહીધરપુરા જદાખાડીમાં ભાગીદારીમાં હીરાનો ધંધો શરૂ કર્યો હોય મહેશભાઈએ તેમને હીરા આપવા જણાવી પેમેન્ટ ચુકવી દેશે તેમ કહ્યું હતું. દરમિયાન ગઈ તા.૨૮-૧-૨૦૨૫ના રોજ ૪૮.૧૨ કેરેટના હીરા પંકજભાઈએ મહેશભાઈને હીરા બજારમાં બતાવ્યા હતા. ત્યારબાદ મહેશ લાખાણી જૈમીન અને તરૂણને આ હીરા બતાવી ૩૬ દિવસમાં પેમેન્ટ ચુકવી દેવાનું જણાવી રૂ.૩૭.૮૦ લાખના નેચરલ પોલીશ્ડ હીરા ખરીદી કર્યા હતા. નક્કી કરેલા સમયે રૂપીયા પરત નહીં કરતા આ મામલે ગઈકાલે મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

ફરીયાદમાં એવો ઉલ્લેખ કરાયો છે કે દલાલ મારફતે આ હીરાના સોદા પહેલા હીરા વેપારી પંકજ ગોળકીયાએ તરૂણ જાસોલીયાને હીરા આપ્યા હતા જોકે તેનું પેમેન્ટ મોડુ આવતા તેમણે લેવડ દેવડ બંધ કરી દીધી હતી. ત્યારબાદ મહેશ લાખાણીએ પંકજ ગોળકીયાને હીરા આપવાનું જણાવી પેમેન્ટ સમયસર મળી જશે તેવી વાત કરી હતી.

### શરત ભંગ અંગે

આરોપી લિંબાડાએ સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ અને ઝફર બેલાવાલા મારફતે સુરત સેશન્સ કોર્ટમાંથી આગોતરા જામીન અરજી કરી હતી. ડીઆરઆઈ સમક્ષ હાજરી પુરાવા સહિતની શરતો લાદીને સુરત કોર્ટે જામીન આપ્યા હતા. દરમિયાન આરોપી લિંબાડાના આગોતરા જામીન નામંજૂર કરવા ડીઆરઆઈ તરફેના ખાસ સરકારી વકીલે અરજી કરી હતી. જેમાં સરકારી વકીલ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે શરત મુજબ આરોપી ૧૯,૬,૨૦૨૫ના રોજ સંબંધિત વિભાગ સમક્ષ હાજર રહ્યો ન હતો. જેથી આરોપીને આપવામાં આવેલ આગોતરા રદ કરવા અને ન્યાયિક કસ્ટડીમાં લેવા માટે આદેશ કરવા રજૂઆત કરી હતી. સિનિયર વકીલ કલ્પેશ દેસાઈ અને ઝફર બેલાવાલાએ સરકારી વકીલની અરજીનો વિરોધ કરતા દલીલો કરી હતી કે, આરોપીને ૧૯,૬,૨૦૨૫ના રોજ સંબંધિત વિભાગ સમક્ષ હાજર રહેવાનુ હતુ. જોકે આરોપીએ અદાલત સમક્ષ સંબંધિત વિભાગ સમક્ષ હાજર રહેવા માટે મુદત વધારવા માટે અરજી દાખલ કરી હતી અને અદાલતે તે અરજી મંજૂર કરી હતી.ત્યારબાદ આરોપીએ ૨૫.૮.૨૦૨૫ના રોજ સંબંધિત ડીઆરઆઈ વિભાગ સમક્ષ હાજરી નોંધાવી હતી. જેથી કોઈપણ શરતનો ભંગ કર્યો નથી તે દલીલો સાથે આરોપીને આપવામાં આવેલા જામીન રદ કરવા માટે કોઈ કારણ નથી તેવું કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. સુરત કોર્ટે ડીઆરઆઈ વતી થયેલી અરજી ફગાવી ફગાવી દીધી હતી.

### ડબલ મર્ડર

દિવસે સોએબની વહેલી સવારે ગોડાદરાના રાજહંસ ફેબ્રીજોની નજીક ઝાડીમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. બીજી તરફ નાઝીમ ઉર્ફે ભાંજાની લાશ મહારાષ્ટ્રના નંદુરબાર ખાતેથી મળી આવી હતી. જ્યારે ઈર્શાદ કાણીયો પોલીસને મળી આવ્યો હતો. શિવા ઉર્ફે ટકલાએ સોએબ અને નાઝીમને પતાવી દીધો હતો. જ્યારે ઈર્ષાદ બચી ગયો હતો. આ ડબલ મર્ડર કેસમાં ગોડાદરા પોલીસે ગઈ કાલે મુખ્ય હત્યારા બુટલેગર શિવા ટકલાના સાગરીતો જાલન ઉર્ફે જગદીશ કલાલ અને આસિફ શેખ મોતી શેખની ધરપકડ કરી હતી.

વધુમાં જાણવા મળ્યું હતુ કે, સોએબ અને નાઝીમના પરિવારે લિંબાયત પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધી હતી. બીજી તરફ સોએબની લાશ ગોડાદરામાંથી મળી આવી હતી.જેથી ગોડાદરા પોલીસે હત્યાનો ગુનો નોંધી શિવા ટકલાના સાગરીતો જાલન અને આસિફની ધરપકડ કરી હતી. જયારે બીજી નાઝીમની લાશ નંદુરબારથી મળી આવી હતી. જોકે, પરિવારે નાઝીમ અંગે લિંબાયત પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ આપતા લિંબાયત પોલીસે નાઝીમની લાશનો કબજો નંદુરબાર પોલીસ પાસેથી લઈને આગળની તપાસ લિંબાયત પોલીસ કરી રહી છે. હાલ સુરત પોલીસ આ ચકચારિત ડબલ મર્ડર કેસમાં મુખ્ય આરોપી શિવા ટકલાને શોધવા વધુ તપાસ લંબાવી છે. જ્યારે સૂત્રો જણાવી રહ્યા છે કે કુખ્યાત બુટલેગર શિવાએ દારૂના ધંધાને લઈને પણ મૃતકોની હત્યા કરી હોય તેની પણ શક્યતા સેવવામાં આવી રહી છે.

# બદ્રીનારાયણ મંદિર હોલમાં અનુબંધ ફાઉન્ડેશનનું સંમેલન

સુરત,તા.૦૪

સરકાર માન્ય રજી.ટ્રસ્ટ " અનુબંધ ફાઉન્ડેશન-અમદાવાદ " દ્વારા છેલ્લા ૨૪ વર્ષ થી સમગ્ર ભારત દેશભર મા ૫૦થી ૮૦ વર્ષ ના એકલવાયુ જીવન જીવતા વડીલો ની પાનખર મા વસંત લાવવાના બિન રાજકીય , તદ્દન નિશૂલ્ક, " વિનામૂલ્ય અમૂલ્ય સેવા " રાહે તદ્દન નિ:સ્વાર્થ અને સેવાભાવ માત્ર થી સફળતમ ૯૧ સંમેલન પૂર્ણ કરી ૯૨ મું સંમેલન તા:૨૦/૧૨/૨૦૨૫ ને શનિવાર ના રોજ બપોરના ૧૨ કલાકે - બદ્રીનારાયણ મંદિર હોલ, માનસરોવર સોસાયટી, બીએપીએસ સ્વામિનારાયણ હોસ્પિટલ ની બાજુમા, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ મુકામે યોજવા ધર્મ જ્ઞાતિ ના ભેદભાવ વિના આયોજન કરવામા આવેલ છે.

# બારોલીયા મંદિર ફળિયા ગામે હુમલામાં વધુ ચારની ધરપકડ

## જીવલેણ હુમલાના કેસમાં કુલ ૦૯ આરોપીઓ પકડાયા

નવસારી,તા.૦૪

ચીખલી તાલુકાના બારોલીયા મંદિર ફળીયા ગામે થયેલા જીવલેણ હુમલાના કેસમાં પોલીસે વધુ ચાર આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે ગુનામાં કુલ ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા નવ પર પહોંચી છે.

ગત શનિવારની રાત્રે નોકરી બાબતેની અરજીની અદાવત રાખીને આ ઘટના બની હતી. જેમાં પાંચ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્ત થયેલા એક જ પરિવારના ત્રણ સભ્યો સહિત ચાર લોકો હાલ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પોલીસે અગાઉ પાંચ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા. વધુ ચાર આરોપીઓમાં કિરણ ઉર્ફે કિરણ લાંબો, પરેશ ગુલાબભાઈ પટેલ, બિપીન ઉર્ફે ઉમેશ પટેલ અને યતીન ઉર્ફે બકુલ પટેલનો સમાવેશ થાય છે.પોલીસે આ આરોપીઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસ અને રાયોટિંગ સહિતની કલમો લગાવી છે. હુમલામાં વપરાયેલા હથિયારો પણ કબ્જે કરવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા નવ પૈકી સાત આરોપીઓને નવસારી સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

# અંકલેશ્વરના કુખ્યાત બુટલેગર દશરથ વસાવાની પાસામાં અટક

## પ્રોહિબિશનના ૬ ગુના નોંધાતા રાજકોટ જેલમાં ધકેલાયો

અંકલેશ્વર,તા.૦૪

અંકલેશ્વરના હજાત ગામના કુખ્યાત બુટલેગર દશરથ ઉર્ફે દશુ બાલુ વસાવાની પાસા એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. તેને રાજકોટ જેલમાં મોકલી દેવામાં આવ્યો છે.

પોલીસે દશરથ વસાવા સામે પાસાનું શસ્ત્ર ઉગામ્યું હતું. તેના વિરુદ્ધ અંકલેશ્વર શહેર એ અને બી ડિવિઝન, રૂરલ અને હાંસોટ પોલીસ મથકોમાં પ્રોહિબિશનના કુલ ૬ ગુના નોંધાયા હતા.અંકલેશ્વર વિભાગીય પોલીસ વડા ડૉ. કુશલ ઓઝાના માર્ગદર્શન હેઠળ રૂરલ પી.આઈ. એચ.જી. ગોહિલે કુખ્યાત ઈસમોની યાદી બનાવી હતી. આ યાદીમાં દશરથ વસાવા ટોચ પર હતો. પોલીસે તેના ગુનાઓની વિગતો એકત્ર કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ ફાઈલ રજૂ કરી હતી.જિલ્લા મેજિસ્ટ્રેટે પાસા હેઠળ કાર્યવાહી કરવાની મંજૂરી આપતા વોરંટ ઈસ્યુ કર્યું હતું. ત્યારબાદ અંકલેશ્વર રૂરલ પોલીસે દશરથ વસાવાની તેના ઘરેથી ધરપકડ કરી તેને રાજકોટ જેલમાં મોકલી આપ્યો હતો.

# ચીખલીના ખરોલી ગામના યુવકે કરેલી આત્મહત્યા

## દારૂ ન પીવા સમજાવતા યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

નવસારી,તા.૦૪

ચીખલી તાલુકાના ખરોલી ગામમાં એક દુ:ખદ ઘટના સામે આવી છે. ખરોલી ભવાની ઝાડી ફળીયાના સંજય વિનોદભાઇ ધોડિયા પટેલ (ઉ.વ-૪૬) નામના યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે.પ્રાથમિક માહિતી અનુસાર, મૃતક સંજયને દારૂ પીવાની ટેવ હતી. પરિવારજનોએ તેને દારૂનું સેવન ન કરવા સમજાવ્યો હતો. પરિવારજનોની આ વાતનું તેને માઠું લાગી આવતા તેણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

સંજય પટેલે ખરોલી ભવાની ઝાડી ફળીયામાં આવેલી વસંતભાઈ લીમજીભાઈ પટેલની આંબા વાડીમાં ગળેફાંસો ખાધો હતો. તેણે આંબાના ઝાડની ડાળી પર યુરિયા ખાતરની થેલીની દોરડીનો ઉપયોગ કરીને જીવન ટૂંકાવ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા વિનોદભાઈ ભીખુભાઈ ધોડિયા પટેલે ચીખલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. હેડ કોન્સ્ટેબલ જીગ્નેશ રંગુભાઈ આ સમગ્ર બનાવની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટના 33 સહિત ૨૧૪૪૪ કેમેરા હેક થવાનુ જોખમ

અમદાવાદ,તા.૪

રાજકોટની હોસ્પીટલના કેમેરા હેક કરીને વાંધાજનક કલીપીંગ-વિડીયો વાઈરલ થયાની ઘટનાના દસ મહિના પછી પણ રાજકોટ-ગુજરાત સહિત દેશના ૨૧૦૦૦થી વધુ કેમેરા હજુ સુરક્ષિત નહી હોવાની અને હેક થવાનો ખતરો ઉભો જ હોવાની ચેતવણી અમેરિકાના સાઈબર સુરક્ષા નિષ્ણાંતે આપી છે. ૭૭૭ આઈપીબેઈઝડ સીસીટીવી કેમેરા પર આ પ્રકારનું જોખમ તોળાઈ રહ્યું છે.રાજકોટની ગાયનેકોલોજી હોસ્પીટલના કલીપીંગ-વિડીયો વાઈરલ થયા બાદ જબરો ખળભળાટ સર્જાયો હતો. ગુજરાતનુ સીસીટીવી કેમેરા નેટવર્ક જોખમ હેઠળ હોવાની આશંકા વ્યક્ત થવા લાગી હતી. હવે અમેરિકા સ્થિત સાઈબર સિક્યોરીટી નિષ્ણાંતે આઈઓટી ડિવાઈઝમાં ૭૭૭ આઈપી બેઈઝડ કેમેરા વિશે ચેતવણી આપી છે.આ સીસીટીવી કેમેરા હેક થવાનો ખતરો છે. આ કેમેરાના નબળા પાસાના આધારે હેકરોએ ગત ફેબ્રુઆરી મહિનામાં માત્ર ૮૦ પ્રાઈવેટ, ઈન્ટરનેટ પ્રોટોકોલ (આઈપી) આધારીતી સીસીટીવી કેમેરા ડેશબોર્ડ પરથી ૫૦,૦૦૦ ખાનગી સ્લીપ મેળવી લીધી હતી. અને તે પછી ટેલીગ્રામ ગ્રુપ તથા પોર્ન નેટવર્કમાં વેચાણ મુકી હતી.સાઈબર સિકયુરીટી પર વોચ રાખતા નિષ્ણાંતોએ એમ જણાવ્યું હતું કે આ જોખમનો ગુજરાતનો એક નાનકડો ભાગ છે.દેશભરમાં ૨૧૪૪૪ સીસીટીવી કેમેરા પર હેકીગનો ખતરો છે.ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી રાજયમાં ઓપન ઈન્ટરનેટ પર વીઝીબલ થતા ૭૭૭ આઈપી કેમેરા પર હેકીગનો જોખમ ઉભુ જ છે.આવા સૌથી વધુ ૩૯૯ આઈપી કેમેરા અમદાવાદમાં છે. વડોદરામાં ૮૭, સુરતમાં ૧૬૬, રાજકોટમાં ૩૩, ભાવનગરમાં ૨૪ તથા ગાંધીનગરમાં ૨૦ છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૦૪ ડિસેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# ઈન્ડિગોની સુરત-બેંગ્લોરની ઉડાન રદ

## ઈન્ડિગોમાં પાયલોટની અછતને પગલે સુરતની અન્ય ફ્લાઈટોમાં પણ વિલંબ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

દેશ ભરમાં ઈન્ડીગોના પાયલોટ રજા પર ઉતરી જતા સુરત સહિતના અલગ-અલગ એરપોર્ટ પર ઈન્ડીગોની ફલાઈટ કેન્સલ થતાં તેમજ મોડી પડતા મુસાફરોએ અટવાવવાનો વારો આવ્યો છે. આજે સવારના સમયે સુરતથી બેંગ્લોરની ફલાઈટ પણ કેન્સલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. સુરતથી નવી દિલ્હી, જયપુર, બેંગ્લોર સહિતનાં ફલાઈટ ઓપરેશન ચાલે છે. ટેકિનકલ સમસ્યા તેમજ પાયલોટ રજા પર ઉતરી જવાને કારણે ઈન્ડીગોની ફલાઈટોને અસર પહોંચી છે.



સુરત એરપોર્ટ એકશન કમિટીનાં સંજય જૈને જણાવ્યું હતું કે, ઈન્ડીગોના ફલાઈટ ઓપરેશનમાં પાયલોટની સીક લીવને કારમે અસર પહોંચી છે. દરમિયાન આજે સવારે સુરત-બેંગ્લોરની મોર્નિંગ ફલાઈટ પણ કેન્સલ થતા મુસાફરો અટવાયા હતા. ગઈકાલે દેશભરમાં ઈન્ડીગોની ૧૦૦ ફલાઈટ કેન્સલ થઈ હતી. દરમિયાન આજે બપોરની ગોવાની ફલાઈટ પણ કેન્સલ થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ઈન્ડીગો કોલકતા, ગોવા-સુરત, સુરત કોલકતા, સુરત ગોવા, દિલ્હી સુરત, બેગ્લોર સુરત, સુરત બેંગ્લોર, સુરત દિલ્હી, જયપુર-સુરત અને દીવ સુરતની ઈન્ડીગોની ફલાઈટ મોડી પડી હતી. અડધા કલાકથી લઈ ત્રણ કલાક સુધી આ ફલાઈટો મોડી પડતા મુસાફરો અટવાયા હતા.

# હિરા બજારના વેપારી પાસેથી હિરા ખરીદી રૂા ૩૭.૮૦ લાખની ઠગાઈ

## લાખાણી પિતા-પુત્રની ગણતરીના કલાકોમાં જ ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

વરાછા હીરાબજાર ખાતે હીરાનો વેપાર કરતા વેપારી પાસેથી મહીધરપુરાનાં લાખાણી પિતા પુત્ર સહિત ત્રણ જણાએ ૩૬ દિવસમાં નેચરલ પોલીશ્ડ હીરાનું પેમેન્ટ ચુકવી દેવાનું જણાવી રૂ.૩૭.૮૦ લાખના હીરા લઈ જઈ છેતરપિંડી કરી હતી. ઉલ્લેખનીય છે કે, મહિધરપુરા પીઆઈ એન.એચ. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ છેતરપિંડી કરનાર મહેશ લખાણી અને તેના પુત્ર જૈમિન લખાણીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં આવ્યા હતા. મહેશ સામે ક્રાઈમ બ્રાંચ તેમજ કતારગામ પોલીસ સ્ટેશનમાં ત્રણ ગુના નોંધાયા છે. જ્યારે હાલ પોલીસ સ્ટેશનમાં પણ સને ૨૦૨૩માં એક ગુનો નોંધાયો હતો.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર વેડરોડ રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા ૪૬ વર્ષિય પંકજ કાનજીભાઈ ગોળકીયા વરાછા હીરા બજારમાં વર્ષોથી હીરાનો વેપાર કરે છે. દરમિયાન સિંગણપોર હરીદર્શનના ખાડા પાસે કર્ણાવતી સોસાયટી માં રહેતા મહેશ ધનજીભાઈ લાખાણી, જૈમીન મહેશભાઈ લાખાણી અને તરૂણ તળશીભાઈ જાસોલીયા (રહે. અક્ષરધામ સોસાયટી, હાથી મંદીર રોડ કતારગામ) સંપર્કમાં આવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# ક્રિર્તી પટેલે વેપારી દંપતિને ધમકી આપતા વધુ એક ગુનો દાખલ

## ક્રિર્તી પટેલે બેફામ ગાળો ભાંડતો વીડિયો પણ વાયરલ કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

લસકાણાના રેતી કપ્ચીના વેપારીને સોશિયલ મિડીયા પર બેફામ ગાળો બોલતી ક્રિર્તી પટેલે ગઈકાલે બપોરના સમયે ઈન્સ્ટાગ્રામ કોલિંગ કરી બે ત્રાહિત વ્યક્તિની લાઈવ વાત-ચીત દરમિયાન વેપારીએ કેમ કોઈ પ્રત્યુત્તર ન આપ્યો તેમ જણાવી ક્રિર્તી પટેલે વેપારીને તેમજ તેની પત્નીની બદનામી થાય તેવા શબ્દો કરી ધાક-ધમકી આપી હોવાની ફરીયાદ લસકાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે, ક્રિર્તી પટેલ સામે અગાઉ પણ સોશિયલ મિડીયા પર અણછાજતા વર્તન બદલ ગુનો નોંધાઈ ચુક્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર લસકાણા ગઢપુર રોડ પર રહેતા ૪૧ વર્ષિય રેતી કપ્ચીના વેપારી ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરતા હોય ગઈકાલે બે યુઝર્સ લાઈવ કોલિંગ પર વાત-ચીત કરતા હતા ત્યારે આ બંને જણાએ વેપારીને ગ્રુપ કોલિંગમાં એડ કર્યા હતા. આ સમયે બંને યુઝર્સે સોશિયલ મિડીયા પર બેફામ વાણી વિલાસ કરતી ક્રિર્તી પટેલ વિશે ગમેતેમ વાતો કરી હતી. આ ચેટ પુરી થયા બાદ ક્રિર્તી પટેલનો બપોરના સમયે વેપારીને ઈન્સ્ટાગ્રામ પર કોલ આવ્યો હતો. જેમાં ક્રિર્તી પટેલે વેપારીને ગમેતેમ ગાળો આપી હતી તેમજ તેની પત્ની વિશે પણ બદનામી થાય તેવા શબ્દો કહીને ધાક ધમકી આપી હતી. ક્રિર્તી પટેલે વેપારીને ગાળો આપતો વિડીયો પણ વાયરલ કરી દીધો હતો. આ મામલે વેપારી દ્વારા ગઈકાલે લસકાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# શરત ભંગ અંગે આરોપીના જામીન સામેની અરજી સેશન્સ કોર્ટે નકારી

## દાણચોરીના કેસમાં ડીઆરઆઈની અરજી પર વિચારણા કરવા કોર્ટનો ઈન્કાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

રૂ.૨૩ કરોડથી વધુના સોનાની દાણચોરીના કેસમાં મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા દુબઈના રીઝવાન લિંબાડાને શરતોને આધીન આગોતરા જામીન સુરત સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. શરતો મુજબ આરોપી રીઝવાન ડીઆરઆઈ વિભાગમાં હાજર નહી રહીને જામીન શરતનો ભંગ કરવાના કારણોસર ડીઆરઆઈ તરફેના ખાસ સરકારી વકીલે આરોપીના આગોતરા જામીન રદ કરવા અને તેને ન્યાયિક કસ્ટડીમાં લેવા અરજી કરી હતી. જોકે, કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ આ અરજી પર કોઈ વિચારણા કરવાની જરૂર નથી તેમ જણાવી અરજી ફગાવી દીધી હતી.

આ કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૩ના જુલાઈ માસમાં ડીઆરઆઈએ સુરત એરપોર્ટ ઉપરથી ૨૩ કરોડથી વધુના સોનાની દાણચોરીનો કેસ પકડ્યો હતો. જેમાં ભરૂચના રીઝવાન લિંબાડા(હાલ રહે.દુબઈ)ની સંડોવણી બહાર આવી હતી. આ કેસમાં રીઝવાન લિંબાડા મુખ્ય લાભાર્થી, ફાઈનાન્સર અને સિન્ડિકેટનો મુખ્ય સૂત્રાધાર હોવાનું ડીઆરઆઈની તપાસમાં ખુલ્યું હતું. દરમિયાન

અનુસંધાન પાના ૭ પર

# વરાછામાં વાહનચાલક દ્વારા પોલીસ સાથે ગેરવર્તણુંક

## પોલીસને ધક્કો મારી મહિલા ટીઆઈરબી સાથે દાદાગીરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

વરાછા વેર-હાઉસ પાસે ટ્રાફીકનું નિયમન કરાવી રહેલા લોક રક્ષક અને મહિલા ટીઆરબી સાથે ગેરવર્તન કરનાર વાહન ચાલક સામે વરાછા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

સુરત શહેર ટ્રાફીક શાખામાં ફરજ બજાવતા લોક રક્ષક ભરતભાઈ કરશનભાઈ ગઈકાલે વરાછા વેર હાઉસ પાસેના રોડ પર ટ્રાફીક નિયમની કામગીરીમાં ફરજ પર હતા. તેમની સાથે દિવ્યાબેન વિશાલભાઈ ટીઆરબી પણ હાજર હતી તે સોમયે વેર હાઉસથી ગીતાંજલી તરફ પુરપાટ ઝડપે જઈ રહેલા ૬૨ વર્ષિય ભૂરાભાઈ કડવાભાઈ સંઘાણી જે હાર્ડવેરનો ધંધો કરે છે તેને હાથ બતાવી વાહન થંભાવવાનું કહેતા ભુરાભાઈ સંઘાણીએ લોક રક્ષક ભરતભાઈ સાથે ગેરવર્તન કરી તેનો કોલર પકડી લીધો હતો. તેમજ ટીઆરબી દિવ્યાને ગાળો આપી હતી. તેમનો સમજાવવાનો પ્રયાસ કરવા છતાં ભુરાભાઈ સંઘાણીએ લોક રક્ષકને ધક્કો મારી દીધો હતો. મહિલા ટીઆરબી સાથે પણ ગેરવર્તન કરવામાં આવતા આ મામલે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરજમાં રૂકાવટ ઉભી કરવા બદલ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# લાપતા થયેલા આધેડની લાશ તાપીમાંથી મળી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

ભરી માતા રોડ ખાતે રહેતા ગુમ થયેલા આધેડની આજે સવારે કોઝવે ખાતે તાપી નદીમાંથી લાશ મળી આવતા ચકચાર મચી હતી.

ફાયર બ્રિગેડ પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર આજે સવારે સિંગણપોર કોઝવે ખાતે તાપી નદીમાંથી એક આધેડ વયના વ્યકિતની લાશ મળી આવી હતી. ફાયરને જાણ કરાતા ડભોલી ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આધેડની લાશ પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી.પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું હતું કે, આ આધેડ ભરી માતા રોડ ખાતે રહેતા હતા અને તેનું નામ ઐયુબ મલીક છે. તેમણે આત્મહત્યા કરી હોવાની શક્યતા લાગી રહી છે.

# ડબલ મર્ડર કેસમાં કુખ્યાત શિવા ટકલાને શોધતી લિંબાયત પોલીસ

## નંદરબારમાંથી મળેલી નાઝીમની લાશ અંગે લીંબાયતમાં અપહરણ-હત્યાનો ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૪**

લિંબાયત ખાતેથી ત્રણ યુવકોનું અપહરણ કરીને બેની હત્યા કરવાના ચકચારિત કેસમાં મુખ્ય આરોપી એવો કુખ્યાત બુટલેગર શિવા ટકલા હજુ પણ પોલીસ પકડથી દૂર છે. નંદુરબારમાંથી નાઝીમની હત્યા કરાયેલી લાશ મળી આવતા લિંબાયત પોલીસે લાશનો કબજો મેળવી આ ચકચારિત મર્ડર કેસમાં લિંબાયત પોલીસ પણ કરશે.

મંગળવારે સોએબ ફિરોઝ શેખ તેના મિત્રો નાઝીમ ઉર્ફે ભાંજા અને ઈર્શાદ ઉર્ફે કાણીયા સાથે લીબાયતના મારૂતિનગર ખાતે બેઠો હતો તે સમયે બુટલેગર શિવા ઉર્ફે ટકલા અને તેના સાગરીતો આવ્યા હતા અને રૂ.૧ લાખ લેવા બાબતે સોએબની સાથે ઝગડો કર્યો હતો. અને બળજબરીથી કારમાં શોએબ અને તેના મિત્રો નાઝીમ અને ઈર્શાદનું અપહરણ કરીને લઈ ગયા હતા. સોએબ અને નાઝીમ ઘરે નહી આવતા પરિવારે મિસિંગની ફરિયાદ કરી હતી. દરમિયાન બીજા

અનુસંધાન પાના ૭ પર

